ૐ હ્રીં અર્હં નમોનમઃ

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય, વર્તમાન, શ્રેષ્ઠ, ધાર્મિક દૃષ્ટાંતો)

## ભાગ-૨

*લેખક : પંન્યાસ ભદ્રેશ્વરવિજયજી ગણિ*

આવૃત્તિ-તેવીસમી ❖ તા.૧-૯-૨૦૧૬

❖ નકલ : ૩૦૦૦ ❖ પૂર્વની નકલ : ૬૭,૭૦૦

કિંમત ₹ ૨-૦૦

**અમદાવાદ :**

**પ્રાપ્તિસ્થાનો**

❖ જગતભાઈ : ૪, મૌલિક એપાર્ટમેન્ટ, ઓપેરા ઉપાશ્રય પાસે, સુખીપુરા, પાલડી, અમ.૭ ● મો. : ૯૪૦૮૭૭૬૨૫૯, ફો. : ૦૭૯-૨૬૬૦૮૯૫૫

❖ રાજેશભાઈ : આંબાવાડી, અમદાવાદ-૧૫, ● મો. ૯૪૨૭૬૫૨૭૯૪

❖ શૈશવભાઈ : પાલડી, અમદાવાદ-૦૭, ● મો. ૯૮૨૫૦૧૧૭૨૯

❖ નિરંજનભાઈ : ફો. ૦૭૯-૨૬૬૩૮૧૨૭ મીતેશભાઈ : ૯૪૨૭૬૧૩૪૭૨

(તા.ક. બુકો મેળવવા માટે સમય પૂછીને જવું. ૧૨ થી ૪ સિવાય)

**મુંબઈ :**

❖ પ્રબોધભાઈ : યુમેકો, ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લો માળ, મુંબઈ-૪૦૦૦૦૩ : ફોન : ૨૩૪૩૮૭૫૮, ૯૩૨૨૨૭૯૯૮૬

❖ નીલેશભાઈ : ફોન : ૨૮૭૧૪૬૧૭, મો. : ૯૨૨૧૦૨૪૮૮૮

જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૮ (પાકા પુંઠાની) કન્સેશનથી ₹ ૩૫

જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૧૪ છુટા, દરેકના માત્ર ₹ ૨

જૈન ધર્મની સમજ ભાગ ૧ થી ૩ માત્ર ₹ ૨, પેજ ૪૮

जैन आदर्श कथाएँ ( हिन्दी ) भाग ४-५ प्रत्येक का ₹ ७

**શુભ પ્રસંગે પ્રભાવના કરવા જેવું સસ્તું પુસ્તક**

**પ્રસંગોના બધા ભાગની કુલ ૬,૩૦,૦૦૦ નકલ છપાઈ**

# ભાગ-૨ની અનુક્રમણિકા


| ક્રમ | મુખ્ય વિષય | પેજ નં. |
| --- | --- | --- |
| (૧) | પુસ્તક પ્રભાવ | ૧ |
| (૨) | નવકાર ચમત્કારો | ૨ થી ૧૮ |
| (૩) | આરાધક બાળકો | ૧૯ થી ૩૩ |
| (૪) | ચમત્કારો - વિશેષ પ્રસંગો | ૩૪ થી ૪૪ |

| ક્રમ | વિષય | પેજ નં. |
| --- | --- | --- |
| ૧. | ધાર્મિક પુસ્તકનો પ્રભાવ | ૫૨ |
| ૨. | ધર્મના શરણથી રક્ષણ | ૫૩ |
| ૩. | એના મહિમાનો નહીં પાર | ૫૪ |
| ૪. | નવકારથી કેન્સર કેન્સલ | ૫૫ |
| ૫. | ધર્મપ્રભાવે રોગ ગાયબ | ૫૬ |
| ૬. | નવકાર-પ્રતાપે મોતથી બચાવ | ૫૭ |
| ૭. | ધર્મીનું રક્ષણ જરૂર થાય. | ૫૮ |
| ૮. | ચોવિહારે મરતાં બચાવ્યો ! | ૫૮ |
| ૯. | જાપનો પ્રભાવ | ૫૯ |
| ૧૦. | "સમરો મંત્ર ભલો નવકાર" | ૫૯ |
| ૧૧. | નવકારે વિમાન-હોનારતથી બચાવ્યા | ૬૧ |
| ૧૨. | નવકારથી ભવ પાર | ૬૨ |
| ૧૩. | વાનરીને નવકારથી સદ્‌બુદ્ધિ | ૬૩ |
| ૧૪. | નવકારે ભૂતથી બચાવ્યો ! | ૬૪ |
| ૧૫. | નવકારથી ઝેર ઉતર્યુ ! | ૬૫ |
| ૧૬. | નવકારે લુંટારા ભગાડ્યા | ૬૬ |
| ૧૭. | નવકાર સાધનાથી દિવ્ય સિધ્ધિ !!! | ૬૭ |
| ૧૮. | શંખેશ્વર પાર્શ્વનાથે હેમખેમ પહોંચાડ્યા !! | ૭૦ |

| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|


૧૯. જન્મથી ચઉવિહાર કરનારા બાળકો ........................ ૭૧
૨૦. પૂર્વના સંસ્કાર .......................................... ૭૨
૨૧. પુત્રવધૂઓ કે પુત્રીઓ ? ................................ ૭૩
૨૨. ના ! રાત્રે પાણી ન પીવાય ............................ ૭૩
૨૩. ટી.વી. થી આપઘાત .................................. ૭૫
૨૪. આદર્શ પુત્ર ............................................ ૭૬
૨૫. સાચી ધર્મી માતાનો પુત્ર બાળપણથી ધર્મી !.................. ૭૯
૨૬. ધર્મનો અચિંત્ય પ્રભાવ .................................. ૮૦
૨૭. જુઓ રે જુઓ બાળકો કેવા ધર્મપ્રેમી ? ...................... ૮૧
૨૮. ટી. વી. ત્યાગ .......................................... ૮૨
૨૯. રોગમાં પણ સમતા ! .................................... ૮૩
૩૦. રાત્રિભોજન નરકનું દ્વાર .................................. ૮૩
૩૧. સારા બાળકો વડીલોને ધર્મી બનાવે ! ...................... ૮૪
૩૨. કોલેજીયન ધર્મ કરી શકે ? ................................ ૮૪
૩૩. સામાયિક સ્પર્ધા ........................................ ૮૫
૩૪. ભક્તિપ્રભાવે માળામાં મનસ્થિરતા ........................ ૮૫
૩૫. આત્મા અને પરલોક છે જ ................................ ૮૭
૩૬. પુણ્ય મૃત્યુથી બચાવે છે .................................. ૮૮
૩૭. ૯૨ ઉપવાસની અંતિમ આરાધના ........................ ૮૮
૩૮. ગેબી શક્તિ .............................................. ૯૦
૩૯. ધર્માનુરાગી બાળા ........................................ ૯૧
૪૦. બાળકની વિશિષ્ટ અહિંસા ................................ ૯૨
૪૧. આયંબિલનો ચમત્કાર .................................... ૯૨
૪૨. પાર્શ્વનાથે ક્ષણમાં નિરોગી કર્યા ! .......................... ૯૩
૪૩. શુભ ભાવને સફળ કરો .................................. ૯૪
૪૪. સિધ્ધચક્રની સિધ્ધિ ...................................... ૯૬

# જૈન આદર્શ પ્રસંગો

## ભાગ - ૨

### ૧. ધાર્મિક પુસ્તકનો પ્રભાવ

વડોદરાના પ્રફુલ્લભાઈએ ધર્મનો પ્રભાવ સાક્ષાત્ અનુભવ્યો. તેથી પુસ્તક પ્રત્યે તેમનો ભક્તિભાવ અનેકગણો વધી ગયો ! તેમને જ તમે વાંચો : " તા. ૧૭/૯/૯૯ એ જૈન આદર્શ પ્રસંગો ભાગ-૧ વાંચવા માંડ્યો. વાંચતા ધર્મની શ્રધ્ધા વધતી ગઇ. ત્યાં ઓફિસમાં ઓચિંતા ઇન્સ્પેક્ટરો ચેકીંગમાં આવ્યા. બધું બતાવ્યું. હું ધંધો નીતિથી કાયદાનુસાર જ કરતો હતો. છતાં લોભથી ઇન્સ્પેક્ટરો મને ફસાવવા પ્રયત્ન કરતા હતા. હું પણ ભયભીત થઇ ગયો. ઇન્સ્પેક્ટર ગમે તેમ ફસાવવા માંગે છે. આમ કદાચ સરકારી આંટીઘૂંટી-ચક્કરમાં ફસાવી દેશે. આવેલ આપત્તિથી બચવા શ્રધ્ધાથી પુસ્તકના લખનાર ગુરૂજીને કલ્પનાથી યાદ કરી ભાવથી વિનંતી કરી, "ગુરૂદેવ ! કોઇ માર્ગ બતાવો !" ત્યારે ચા-નાસ્તો કરતા ઇન્સ્પેક્ટરની દૃષ્ટિ "જૈન આદર્શ પ્રસંગો" પુસ્તક પર પડી. પુસ્તકો જોયા. તરત જ મને ઇન્સ્પેક્ટર કહે, "પ્રફુલ્લભાઇ ! તમારા ચોપડા સાચા છે. પણ સત્તાનો લાભ લેવા તમને ફોગટ પ્રશ્નો પૂછી ગુંચવી રહ્યો હતો. ચોપડીઓ જોતાં થઇ ગયું કે તમે મારા સાધર્મિક છો. મારાથી તમને હેરાન કરવાનું ભયંકર પાપ ન કરાય ! તમને દુઃખી કર્યા. મને માફ કરો !" ક્ષમા માંગતા રડવા લાગ્યા !!! બોલ્યા કે સંવત્સરી પ્રતિક્રમણ પછી આ નોકરીના કામે સૌથી પહેલાં તમારી ઓફિસે આવ્યો. મેં તમને દુઃખી કર્યા. મને ખૂબ

પસ્તાવો થાય છે. એમ બોલી, ઊઠી, પગે પડી 'મને માફ કરો' એમ બોલવા લાગ્યા ! હું તેમને ભેટી પડ્યો, બંનેએ એકબીજાને માફી આપી. જતાં તેમણે સરનામું આપી ઘેર આવવા ભાવથી આમંત્રણ આપ્યું !

પછી અપરિચિત ગુરુજીનું પુસ્તક પર નામ વાંચ્યું. મનમાં ગદ્ગદ્ થઈ તેમને પ્રાર્થના કરી, "ગુરુદેવ ! તમારી કૃપાથી આજે બચી ગયો ! આ પ્રસંગ જીંદગીભર યાદ રહેશે. " ત્યારબાદ પ્રફુલ્લભાઈ પેપર આપવા આવ્યા. તેમને મારું ચોમાસું ક્યાં છે તે ખબર ન હતી. તેમને વંદનની ખુબ ભાવના થઈ. તેથી પેપરમાં છેલ્લે પરીક્ષકને વિનંતી કરી કે મ.સા. વડોદરા આવે ત્યારે મને જણાવશો તો મારી વંદનની સાચી ભાવના પૂર્ણ થાય. પણ ઉપાશ્રયમાં હું મળી ગયો. તો ખૂબ ખૂશ થઈ ગયા. પગમાં જ પડી ગયા. ગદ્ગદ્ થઈ ગયા. પોતાને જે ચમત્કાર અનુભવવા મળ્યો તેથી દિલથી આભાર માનવા લાગ્યા. પુસ્તકના નિમિત્તે જૈન ઇન્સ્પેક્ટરને ખ્યાલ આવી ગયો કે આ ભાઈ જૈન છે. તેથી સાધર્મિકની ભક્તિ કરવાને બદલે તેમને ત્રાસ આપું છું તેમ વિચારતા માફી વગેરે માંગી. પુસ્તકો વાંચતા જ્ઞાન-ધર્મ-શ્રધ્ધા-સદાચાર, નિર્જરા વગેરે ઘણાં લાભ છે. ધાર્મિક પુસ્તકો વાંચી આત્મહિત સાધો એ શુભેચ્છા !

## ૨. ધર્મના શરણથી રક્ષણ

જીવાભાઇ પ્રતાપશી પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજય મ. ના સંસારી કાકા હતા. તે દિવસોમાં હિંદુ-મુસ્લિમોનું હુલ્લડ ચાલતું હતું. જીવાભાઇને અતિ જરુરી કામે અમુક જગ્યાએ ગયા વિના છૂટકો ન હતો. રસ્તામાં મુસ્લિમ લત્તો હતો. જોખમ ઘણું હતું. છતાં જવું પડ્યું. ડ્રાઇવરને કહી દીધું કે

તે લત્તામાં ગાડી મારી મૂકજે. ત્યાં પહોંચ્યા તો ઘણે દૂર સેંકડો લોકો ભેગા થયેલા દેખાયા. ડ્રાઇવરે ગાડી ફૂલ સ્પીડે દોડાવી. જોરથી હોર્ન માર્યા. ટોળુ ખસ્યું નહીં. જીવાભાઇ સમજી ગયા કે હવે મોત સામે જ છે. આ તો ધર્મી શ્રાવક ! મોતથી ડર્યા વિના સદ્‌ગતિ મળે માટે એકાગ્રતાથી નવકાર ગણવા માંડ્યા ! પાસે જઇ ડ્રાઇવરે ન છૂટકે ગાડી રોકી. ટોળાએ ગાડીને ઘેરી લીધી. હતા બધા મુસલમાન. હિંદુ હોય તો મારી નાખવા જ ભેગા થયેલા. તેમના આગેવાને અંદર કોણ છે તે જોવા ગાડીના બારણામાંથી તપાસ કરી. પણ ધર્મનો અચિંત્ય પ્રભાવ કેવો કે એણે બૂમ પાડી, ''शेठ को जाने दो । अपने ही जातभाई है ।'' લોકો ખસી ગયા. ડ્રાઇવરે ગાડી ભગાવી. જીવાભાઇને ધર્મે બચાવ્યા ! ધર્મીને ગેબી સહાય પ્રાયઃ મળે છે.

પૂ. આ. શ્રી હેમરત્નસૂરિ મ. સા. ને આ જીવાભાઇએ બોલાવરાવ્યા. પોતે ખૂબ બિમાર હતા. પૂ. શ્રી ગયા ત્યારે જીવાભાઇ પૌષધમાં હતા. પૂ. શ્રીએ પૂછતાં કહ્યું કે સાહેબ ! બીમારી હતી પણ આજે ચૌદશ છે. પૌષધ ન છોડાય! તેથી કર્યો. આપ મને ધર્મ સંભળાવો જેથી બિમારીમાં સમાધિ વધે !! હે ધર્મપ્રેમીઓ ! તમને તો માંદગી નથી ને ? નક્કી કરો કે પર્વ દિવસે પૌષધ વગેરે આરાધના કરવી જ.

## ૩. એના મહિમાનો નહીં પાર

''તમો આ દરદીને હવે તમારા ઘેર લઇ જાવ. એની બચવાની જરા પણ આશા નથી'' મો. સુ. ક્લિનિક સેન્ટર, ધાંગધ્રાના ડોક્ટરે દર્દીના સંબંધીઓને બહુ જ સ્પષ્ટ શબ્દોમાં દર્દીની ભયંકર હાલત કહી દીધી.

દર્દી ૨૮ વર્ષથી દમની વ્યાધિથી પીડાતા હતાં. દર્દ વધી જતાં દવાખાનામાં ભરતી કરાયા. ત્રણ દિવસની ડૉક્ટરની ખૂબ મહેનત. બચવાની આશા ન જણાતાં દર્દીબેનને ઘેર લવાયા. ઘરમાં દર્દી બાઇના સગાબ્હેને તો અંતિમ ક્રિયા માટે જરૂરી તમામ ચીજો ભેગી કરવા માંડી.

નવકાર મંત્ર પર ખૂબ શ્રદ્ધાબળવાળા દર્દીબહેનના પતિને પોતાની પત્ની દવાખાનામાંથી ઘેર આવ્યા પછી ગેબી અવાજ સંભળાયો. સામે જ પોતાના ગુરુદેવ દેખાયા. કહે, "ત્રીજા દેવલોકમાં હાલ છું. શ્રાવકજી! તારી મુસીબત મટી જશે. ચિંતા ન કરીશ. શ્રદ્ધાથી નવકાર મંત્ર ગણજો." ગુરુકૃપાથી ખુશ થઇ બધા કુટુંબીજનો નવકાર મંત્રના જાપમાં લાગી ગયા. દર્દીના કાનમાં મંત્ર સંભળાવે છે.

રાત્રિના ૩-૪૫ વાગે પરલોક-ગમનની તૈયારીવાળા એ શ્રાવિકાબહેન સવારે ૯ વાગે તો સ્વસ્થ જણાયા. આઠેક દિવસમાં તો રોગ જાણે મટી ગયો એવું લાગ્યું.

નવકારમંત્રમાં પરમ શ્રદ્ધા ધરાવનાર એ મરઘાબહેન ત્યાર પછી તો ૧૦ વર્ષ જીવ્યા. ત્રેવીસ લાખ નવકાર ગણવા દ્વારા એમણે પોતાના આત્માને પાપોથી ઘણો હળવો બનાવી દીધો. ધાંગધ્રાવાસી એમના પતિ આજે પણ નવકાર જાપ, સ્વાધ્યાય, દેવગુરુભક્તિ, દાન આદિપૂર્વક સુંદર જીવન જીવી રહ્યા છે.

## ૪. નવકારથી કેન્સર કેન્સલ

ગુલાબચંદભાઇ જામનગરના હતા. ૬૦ વર્ષ પહેલા ગળે કેન્સરની ગાંઠ વધતાં ખાવાનું બંધ થયું. રોગ વધતાં પાણી પણ પીવાનું બંધ થયું. મુંબઇમાં ડૉ. કે. પી. મોદીને બતાવ્યું. તેમણે

કહ્યું કે કેન્સર ખૂબ વધી ગયું છે. કોઇ ઇલાજ નથી. ૨-૪ દિવસથી વધુ જીવશે નહીં. વર્ષો પૂર્વે વ્યાખ્યાનમાં સાંભળેલ મહામંત્ર નવકારના મહિમાની વાત ગુલાબચંદને યાદ આવી. સદ્‌ગતિ પામવા બધાને ખમાવી નવકાર ગણવા માંડ્યા ! ૩।। કલાકે ગાંઠનું ઝેર ઉલટીથી નીકળી ગયું !! તબીયત સુધરતી ગઇ. દૂધ, પાણી વગેરે પીતા થયા. પછી તો અઠવાડિયામાં શીરો વગેરે ખાઈ શકતા ! ડૉક્ટરને બતાવ્યુ. ચેક કરી સારું છે એવી ખાત્રી કરી. ડૉક્ટર ખૂબ નવાઇ પામ્યા. પછી તો જીવન ધર્મમય બનાવી દીધું. પછી ૩૯ વર્ષ જીવ્યા! આ વાત બહુ લાંબી છે. પુસ્તક છપાયું છે. ગુલાબચંદભાઇએ મરતા નવકારનું શરણું લીધું તો અસાધ્ય કેન્સર મટ્યું! ભવ્યો ! તમે પણ નવકારમંત્રજાપ, ધર્મશ્રદ્ધા, ધર્મતત્ત્વજ્ઞાન જાણવું વગેરે ધર્મ કરી સર્વત્ર સુખ પામો એ જ શુભાભિલાષા.

## ૫. ધર્મપ્રભાવે રોગ ગાયબ

ઇરલાના વિનોદભાઇને શરીરમાં ગાંઠ થઇ. નિદાન કરાવી જરૂરી લાગતા ઓપરેશન કરાવવું પડ્યું. ફરી ગાંઠ નીકળી. ડૉક્ટરે બીજી વાર ઓપરેશનની સલાહ આપી. ન છૂટકે કરાવ્યું. થોડા સમય બાદ ફરી પાછી ગાંઠ થઇ. ડૉક્ટરની ઓપરેશનની સલાહ સાંભળી ધર્મપ્રેમી એ જૈન સુશ્રાવકે વિચાર્યું કે પુણ્યથી મળેલી લક્ષ્મી વેડફવા કરતાં પ્રભુ શરણે જઉં! લાખોપતિ એ શ્રદ્ધાળુએ પ્રભુ દેરે ઘણા રૂપિયા રોકડા મુકી **પ્રાર્થના કરી કે હવે તો તારા જ શરણે આવી ગયો છું.** ડૉક્ટરોને મારે હવે રૂપિયા નથી દેવા. ઓપરેશન ખર્ચ તારે ચરણે ધરી પ્રાર્થના કરું છું કે હવે **તો આ ગાંઠ તુ જ મટાડ.** નહીં મટે તો પણ હવે તો ઓપરેશન કરાવવું નથી. **ગાંઠ મટી ગઇ !** ૪ વર્ષ થયા. હવે તે

ગાંઠ આ ધર્માત્માને ત્યાં આવવાની હિંમત પણ કરી શક્તી નથી. આવા ભયંકર કાળમાં પણ ધર્મનો આવો ચમત્કાર જાણી ધર્મ ખૂબ કરો. પુણ્ય ન હોય તો ડોક્ટર અને દવા પરની શ્રદ્ધા નિષ્ફળ જશે. ઉપરથી નવા પાપ બંધાવી લાંબો કાળ ઘણું દુઃખ આપશે. જ્યારે **મહાપ્રભાવી ધર્મ આપણને સર્વત્ર સુંદર-સાચું સુખ આપશે.**

## ૬. નવકાર-પ્રતાપે મોતથી બચાવ

લગભગ ૨૧ વર્ષ પહેલા અમે પાંચ સાધુ કાવી જવા ધુવારણના આરાથી હોડીમાં બેઠા. લગભગ અધવચ્ચે નાવિકે બૂમ પાડી, 'અરે ! આપણે બધા હવે ડૂબી મરવાના...' પૂછતાં તેણે બધાને કહ્યું, 'હું વર્ષોથી નાવ ચલાવું છું. અહીં ભૂલથી આપણે આવી ગયા. અહીં ધોધની જેમ પાણીનો ધસમસતો પ્રવાહ વહે છે. આ પ્રવાહ હોડીને સડસડાટ સીધી સામે જ ખેંચી જશે. બીજે સરકવું હવે અશક્ય છે. દૂર આગળ મોટા થાંભલા દેખાય છે ત્યાં પહોંચી હોડી અથડાશે. તૂટશે. પાણી ભરાશે. ડૂબશે. બધા મરશું. તરનારા અમે પણ ધસમસતા પાણી-પ્રવાહમાં તરી નહીં શકીએ. અમે પણ ડૂબશું. બચવાનો હવે કોઈ રસ્તો નથી...' સાંભળી બધા રડારડ ને ચીસાચીસ કરવા માંડ્યા. વહાણમાં ૩૦-૩૫ મુસાફરો પણ હતા. જ્ઞાનીઓના વચનોને યાદ કરી સમાધિ-મૃત્યુ અને આરાધના માટે મેં બધાને ખમાવી અંતિમ આરાધના માટે સાગારી અનશન સ્વીકારી નવકાર ગણવા માંડ્યા. થાંભલા પાસે પહોંચતાં બધાને મોત નજીક દેખાય છે. મરવાનું ભયંકર દુઃખ છે. પણ નવકાર પ્રતાપે હોડકું થાંભલાની બાજુમાંથી નીકળ્યું! હોડી સહીસલામત કિનારે પહોંચી ગઈ. અનંતા જીવોને મોક્ષ આપનાર નવકારના આવા સેંકડો ચમત્કારો તમે પણ જાણ્યા હશે. બુદ્ધિશાળી તમે પણ આ જાણી આંખો બંધ

કરી આના ઉપર ઊંડું ચિંતન કરી અનંત પુણ્યે મળેલા આ મહાપ્રભાવી જૈન ધર્મમાં દૃઢ શ્રદ્ધા પ્રગટાવી ધર્મને યથાશક્તિ સેવી સદા સર્વત્ર સુખ પામો એ જ શુભેચ્છા.

## ૭. ધર્મીનું રક્ષણ જરૂર થાય.

"ભરતભાઇને અન્નનળીનો લકવો છે. હજારે એકાદને થતાં આ રોગથી પ્રાયઃ કોઇ બચતું નથી. અમે પ્રયત્નો પૂરા કરીશું. પણ પરિણામ કુદરતનાં હાથમાં છે." કહેતાં ડોક્ટરે પરિવારને વસ્તુસ્થિતિનો અણસાર આપી દીધો. **છતાં ધર્મપ્રભાવે તે બચી ગયા. મોતના મોમાંથી પાછા ફરેલા એ સાણંદવાળા ભરતભાઈએ 'કેવી રીતે બચ્યા' એ પ્રશ્નના જવાબમાં કહેલી વાત** આનંદના અશ્રુ પેદા કરનારી છે. એમણે ખાત્રીપૂર્વક જણાવ્યું, 'પૂ. સાધુ-સાધ્વીની તન-મન-ધનથી ઘણી ભક્તિ કરવાનો ખૂબ રસ છે. શોખથી પ્રાણીઓની દયા ઘણી કરી છે.જિનપૂજા વગેરે ઘણી બધી આરાધના કરી શક્યો છું. ધર્મની રક્ષા કરે તેની રક્ષા ધર્મ કરે. એ વાત મને સંપૂર્ણ સાચી લાગે છે.' **સાચા ધર્મીઓને સાક્ષાત્ આવા સત્ય અનુભવો થવા છતાં પણ શું તમે આવો ધર્મ યથાશક્તિ પણ નહીં કરો ?**

## ૮. ચોવિહારે મરતાં બચાવ્યો !

એક્સીડન્ટ થયો. એક મર્યો. બીજો સીરીયસ હતો. તપાસીને ડૉક્ટરે કહ્યું કે આ બચે તેમ નથી. સંબંધી બીજા ડૉક્ટરે એ સર્જનને પ્રયત્ન કરવા આગ્રહ કર્યો. સર્જને કહ્યું: 'એક્સીડન્ટ પહેલાં ૩-૪ કલાકમાં કાંઇ ખાધું નહીં હોય તો કદાચ બચે. બાકી તો મોઢાનું લોહી પેટમાં જાય એ ઝેરી હોવાને કારણે બચે જ નહીં.' ઓપરેશન કર્યું. બચ્યો. ચોવિહાર હતો તેથી તેણે એક્સીડન્ટ પહેલાં ૩-૪ કલાક ખાધેલું નહીં. ચોવિહારે આ દુર્લભ

માનવભવની રક્ષા કરી! તમે પણ સર્વત્ર હિતકર ચોવિહાર વગેરે આરાધના જીવનમાં ખૂબ વધારો એ જ હિતશિક્ષા.

## ૯. જાપનો પ્રભાવ

પ.પૂ.પં. શ્રી રત્નસુંદરવિજય મ. ને એક યુવાન વિનંતી કરી તેના ઘરે લઈ ગયો. તેના કહેવાથી તેની માને છોકરાનું નામ પૂછ્યું. **મા તોતડાતી ન ..... ન** માંડ બોલે છે. (પુત્રનું નામ નગીનદાસ હતું.) પછી શ્રી નવકાર સંભળાવવાનું કહેતાં મા આખો **નવકાર સ્પષ્ટ બોલ્યા !** ફરી પુત્રનું નામ પૂછતાં તોતડાય. મહારાજશ્રીએ શ્રાવકને હકીકત પૂછતાં નગીનભાઈએ કહ્યું, "હોંશિયાર ડૉક્ટરોને બતાવ્યું. તેમણે બધું ચેક કર્યું. કારણ ડોક્ટર પણ નક્કી નથી કરી શકતા. પણ હકીકત એ છે કે મારા માતુશ્રીએ **૪૦ વર્ષથી રોજ નવકારમંત્રનું રટણ કર્યું છે.** તેથી આજે ૮૦ વર્ષની ઉંમરે બીમારીમાં ભલે મારૂં નામ નથી બોલી શકતા પણ **નવકાર સ્પષ્ટ બોલી શકે છે !** જાપનો કેવો મહિમા ? એમને પણ આશ્ચર્ય થાય છે." તમને અનંત પુણ્યે મળેલા નવકારને એવો આત્મસાત્ કરો કે સુખમાં, દુઃખમાં ને મરતા એનું સ્મરણ થઈ જ જાય.

## ૧૦. "સમરો મંત્ર ભલો નવકાર"

શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા અપરંપાર છે. ચૌદ પૂર્વના સારભૂત આ મહામંત્રના પ્રભાવ વગેરેનું પૂરું વર્ણન કરવું ખરેખર અશક્ય છે. શાસ્ત્રોમાં **મહામંત્રાધિરાજનો** મહિમા જણાવતાં અનેક કથાઓ, પ્રસંગો વર્ણવાયેલાં છે. પરંતુ વર્તમાનકાલમાં પણ બનતા ચમત્કારિક અદ્ભુત પ્રસંગો આપણી શ્રદ્ધા વધારે છે!

ઝાબુઆ (મધ્યપ્રદેશ)ના નિવાસી સુશ્રાવક જૈન વકીલ પન્નાલાલજી રાઠોડના જીવનમાં બનેલી આ સત્ય ઘટના છે. તેઓ ઇ. સ. ૧૯૭૨માં જબલપુરથી ટ્રેન દ્વારા રતલામ થઇને ક્યાંક જવા માટે નીકળેલા. તે દરમ્યાન રતલામથી એક મુસ્લિમ ફકીર પોતાના સાથીઓ સાથે ગાડીમાં ચડ્યો. તેઓ પરસ્પર કંઇક ધર્મચર્ચા કરી રહ્યા હતા. સુશ્રાવક પન્નાલાલભાઈએ પણ તેમની વાતચીતો સાંભળી.

થોડી વાર પછી તે ફકીરે એક નાની સરખી ચોપડી કાઢી. એ ચોપડીમાં શ્રી નમસ્કાર મહામંત્ર તેમજ શ્રી પંચિંદિય સૂત્ર હતાં. આ જોઇ પન્નાલાલભાઇએ તેઓને પૂછયું કે આ ચોપડી તો જૈનધર્મની છે; તે તેમારી પાસે કેવી રીતે આવી ? **ફકીરે કહ્યું કે उसका आपको क्या काम है ? कहींसे चोरी करके नहीं लाया हूँ ।** પન્નાલાલભાઇએ હિંદીમાં કહ્યું કે મારું કહેવું એવું નથી. તમે વેશ, ભાષા, વાતચીત વગેરેથી મુસ્લિમ હો તેમ જણાય છે, અને આ પુસ્તક તો જૈન ધર્મનું છે. હું પોતે જૈન છું અને વર્ષોથી જૈન ધર્મના આ મંત્રનો ઉપાસક છું. તેથી મને જિજ્ઞાસા થઈ કે તમને અમારા આ નવકારમંત્રમાં શ્રધ્ધા છે ? **ફકીરે કહ્યું કે, आपको देखना है ईसका चमत्कार ? तो बताता हूँ ।** પન્નાલાલભાઈને ચમત્કાર જોવાનો રસ જાગ્યો, પછી બામણિયા સ્ટેશન પર ટ્રેન ઊભી રહેતાં ફકીર વગેરે નીચે ઊતર્યા. ફકીરના કહેવાથી પન્નાલાલ પણ નીચે ઊતર્યાં. ત્યાં ફકીર રૂમાલ પાથરીને તેના પર બેઠો. ટાઇમ થતાં ડ્રાઇવરે ગાડી ચલાવવાની ખૂબ કોશિશ કરી, પરંતુ અત્યંત જિદ્દી માણસની જેમ ગાડી તેની જગ્યાએથી બિલકુલ હાલી કે ચાલી નહીં. ડ્રાઇવરે બધી તપાસ કરી. પણ તેને ગાડીમાં કોઇ ખામી ન પકડાઈ. અડધો કલાક

વીતવા આવ્યો. **તેને અવારનવાર સામે એક માનવની મૂર્તિ દેખાતી હતી.** આખરે તે પેલા માણસને શોધવા નીકળ્યો, અને ડ્રાઈવર જ્યાં પન્નાલાલભાઈ ઊભા હતા ત્યાં આવ્યો. ફકીરને જોતાં જ બધી વાત સમજી ગયો. તે ફકીરના પગે પડ્યો. અને ગાડી ઉપડવા દો એમ આજીજી કરી. એટલે ફકીર ઊભા થઇ ગયા અને રૂમાલ ઝાટકીને ગાડીમાં જઈને બેઠા. પન્નાલાલભાઈ પણ આશ્ચર્ય પામીને તેમની સાથે જઇને બેઠા. પછી ડ્રાઈવરથી તુરત જ ગાડી ચાલુ થઇ. પછી ફકીરે પન્નાલાલભાઇને પૂછયું : "देखा नवकार महामंत्रका चमत्कार ?" પન્નાલાલભાઈએ કહ્યું, "देखा और यह भी मालूम हुआ कि नवकारका ऐसा प्रभाव है। मगर इसकी चाबी बताओ किस तरह से आपने यह कार्य किया ?" પરંતુ ફકીરે પોતાનું નામ પણ બતાવ્યું નહીં.

મુસલમાન પણ શ્રધ્ધા અને સાધનાથી નવકાર મહામંત્રના પ્રભાવે આવું અશક્ય કાર્ય કરી દેખાડતા હોય, તો હે સુશ્રાવકો ! તમે પણ અનંત પુણ્યે મળેલ આ નવકાર તથા જૈન ધર્મની ભાવભક્તિથી આરાધના કરો. શ્રી અરિહંત ભગવંતોએ તો આને સર્વોત્કૃષ્ટ મંગલ કહ્યું જ છે. શ્રદ્ધા, આદર, વિધિ અને નિર્મળ મનથી આ નવકાર અને ધર્મની ખૂબ ખૂબ સાધના કરો. ચોક્કસ આ ભવમાં અને અનેક ભવમાં ધર્મપ્રભાવે તમારા ભયંકર વિઘ્નો પણ દૂર થશે અને ઉત્તમોત્તમ સામગ્રી, સદ્‌બુદ્ધિ આદિ આપીને ધર્મ તમને શાશ્વત શાંતિ, સુખ, સમાધિ આદિ પણ આપશે.

## ૧૧. નવકારે વિમાન-હોનારતથી બચાવ્યા

તા. ૧૧-૧-૮૯ના રોજ બેંગલોરના જતીનભાઇ ગૌહાટીથી મુંબઇ પ્લેનમાં જતા હતા. એરબસમાં ૯૩ મુસાફરો

હતા. ગૌહાટીથી વિમાન ઉપડ્યું. રનવે પર જ બે બળદ ભટકાયા, વિમાનમાં આગ લાગી. તે ખેતરમાં ધસી રહ્યું હતું. આગ ખેતરમાં પણ લાગી. સામે મોત જાણી **જતીનભાઈએ ભાવથી નવકાર ગણવા માંડ્યાં !** ખેતરમાં પથ્થર સાથે અથડાઈ વિમાન અટકી ગયું ! બધાને ઈમરજન્સી ગેટમાંથી બહાર કુદાવ્યા. **બધાં બચ્યા !** નીચે ઊતરી જોયું તે લગભગ સો ફૂટ દૂર એક પાણીનું નાળું હતું. જો પથ્થરથી વિમાન રોકાત નહીં તો ક્ષણવારમાં નાળામાં બધા ડૂબી જાત ! મંત્રાધિરાજ શ્રી નવકાર ભયંકર અકસ્માતથી પણ હેમખેમ બચાવે છે!

## ૧૨. નવકારથી ભવ પાર

શ્રી શંખેશ્વરની બાજુમાં લોલાડા ગામમાં બનેલી ઘણાં વર્ષો પહેલાંની આ સત્ય ઘટના ધ્યાનથી વાંચો. દેરાસરની બધી ભક્તિ ગામના લોકો વારાફરતી કરે ! એક દિવસ જેનો વારો હતો તે ઘરના બધાં બહારગામ ગયેલા. પૂજા સંભાળવા ઘરે રાખી ગયેલ ૧૩ વર્ષની છોકરી કુવામાંથી પાણી ભરે છે. પણ પગ ખસતાં નીચે પડી. ખૂબ બૂમ પાડે તો પણ કોઈ સાંભળે એમ ન હતું. કન્યા નવકાર ગણવા માંડી ! ત્રણ નવકાર પૂરા થયા તે પહેલાં તો શ્રી નવકાર મહામંત્રના અચિંત્ય પ્રભાવથી કન્યા ભીના કપડે દેરાસરના ઓટલે બેઠેલી પોતાને જુવે છે ! તરત જ પૂજાના કપડાં પહેરીને પ્રભુભક્તિ કરી. આજે તો તેમણે દીક્ષા લીધી છે અને પ. પૂ. આ. શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા. ના સમુદાયના સા. જિનેન્દ્રપ્રભાશ્રીજી બની રત્નત્રયીની સુંદર આરાધના કરી રહ્યા છે !

## ૧૩. વાનરીને નવકારથી સદ્બુદ્ધિ

શ્રી તારંગા તીર્થની ૨૦૫૫ના માગશર માસની આ સત્ય ઘટના છે. ધર્મશાળામાં રૂમ પાસે પડાળીમાં એક શ્રાવિકાએ પોતાના ૨-૩ માસના સંતાનને ઠંડી ઉડાડવા તડકામાં ગોદડી પર સૂવાડ્યું હતું. પોતે કામમાં રૂમમાં હતા. પાસે વૃક્ષો પર વાંદરાં મસ્તી કરતાં હતાં. યાત્રિકો થોડે દૂર તડકો ખાતાં ઊભા હતાં. અચાનક એક વાંદરી છલાંગ મારી ઓસરીમાંથી બાળકીને ઊઠાવી છાતી સરસી ભીડાવી નાઠી. ઝાડની ઊંચી ડાળી પર જઇ બેસી ગઇ

બધાં ગભરાઈ ગયાં. જાણીને બાળકીની મા અત્યંત આક્રંદ કરવા લાગી. સગાં-સ્નેહીઓ, યાત્રિકો બધાં ચિંતિત બની ગયાં. અટકચાળી વાંદરી બાળકીને પીંખી નાંખશે ? નીચે પટકશે ? કોણ જાણે શું કરશે ? ઘણાં બધાં એકઠાં થઇ ગયાં. પણ કરવું શું ? કોઇને કશં સૂઝતું નથી. ત્યારે જયંતિભાઇ યાત્રિકે શ્રેષ્ઠ એક માત્ર ઉપાય રજૂ કર્યો કે આપણે બધાં શ્રી નવકાર મંત્ર રટીએ અને બોલીએ ! બધાંએ સ્વીકાર્યું. સાથે અજીતનાથ પ્રભુની સ્તુતિ વગેરે પણ ગાવા માંડ્યા. માત્ર પાંચ જ મિનિટે વાનરી ધીરેથી નીચે આવી ! ઓસરીમાં ગોદડી ઉપર બાળકીને હતી તેમ સુવાડી દીધી !!! ને ઝાડ પર પાછી જતી રહી. છોકરી રડવા લાગી. મા વગેરેએ તપાસ કરી. જરા પણ ઇજા નહોતી પહોંચાડી !! સૌને હાશકારો થયો. જયંતિભાઇએ વાંદરી તરફ જોયું તો તે આંખો ઢાળી નીચી નજરે પશ્ચાતાપ કરતી હોય તેમ ઉદાસ બેઠેલી ! ખરેખર! આવી ગમે તેવી આફતો નવકારથી ભાગી જાય છે !!!

આપત્તિમાં એક જ કામ કરવું. શ્રધ્ધા અને આદર સાથે શ્રી નવકાર, અરિહંત, ગુરુ ભગવંત અને ધર્મના શીતળ છાંયે પહોંચી જવું. આજ સુધીમાં અનંતા જીવોનું નવકાર વગેરેથી આપત્તિનાશ, સુખપ્રાપ્તિ વગેરે બધું કલ્યાણ થયું જ છે.

## ૧૪. નવકારે ભૂતથી બચાવ્યો !

વડોદરાના પરેશનો આ સ્વાનુભવ આપણને નવકારના પવિત્ર મંત્રના જ્ઞાનીઓએ વર્ણવેલા પ્રભાવની સિધ્ધિ કરાવે છે ! પરેશકુમારના શબ્દોમાં જ વાંચો : ૧૮ વર્ષ પહેલાં હું પંચમહાલ જીલ્લાના એક શહેરમાં ધંધાર્થે ગયેલો. એક સંબંધીના ધાબે એકલો શ્રી નવકાર ગણી સૂતો. ઉંઘમાં જ મારા ખભા પર દબાણ ખૂબ વધતું ગયું. આંખ ખોલી. કોઇ દેખાયું નહીં. ડરથી આંખો મીચી દીધી. અદૃશ્ય શક્તિની કલ્પનાથી ભય વધ્યો. શ્રી નવકારનું સ્મરણ કર્યું. ભૂતે જોર વધાર્યું. પછી તો જેમ ભયથી મેં ઝડપથી નવકાર ગણવા માંડ્યા તેમ પ્રેત તેનું જોર વધારતું ગયું. મેં નવકાર ચાલુ જ રાખ્યા ! અચાનક મેં મારા શરીરને લગભગ ૪ ફૂટ ઊંચેથી પથારીમાં પડતું જોયું ! ભય ઘણો વધી ગયો. આંખો ખોલી ન શક્યો. ચોરસો ખેંચી ઓઢયો. નવકાર ગણવા ચાલુ રાખ્યા. ઉંઘ આવી ગઈ ! સવારે ઉઠયો. ઉઠાય નહીં. ભીંતના ટેકે બેસી રાતનો બનાવ વિચારતા તાવ ચઢ્યો. કામ પતાવી મારા ગામ જવા નીકળ્યો. પરેશભાઇ કહે છે ત્યારે નવકારે મને બચાવ્યો. હે પુણ્યાત્માઓ ! તમે પણ નિર્ણય કરો કે ભયંકર આપત્તિમાં નિર્ભયપણે શ્રી નવકારનું શરણું સ્વીકારશું. નવકાર રક્ષણ, પુણ્ય, સુખ, સદ્‌ગતિ અને શિવગતિ બધું જ આપે છે.

## ૧૫. નવકારથી ઝેર ઉતર્યુ !

ઉગ્ર સંયમી વિનયપ્રભાશ્રીજી સાધ્વીજીએ દીક્ષા લીધાને ૫૫ વર્ષ પૂર્ણ કર્યા છે. તેમણે પોણા આઠ કરોડથી પણ વધુ નવકારમંત્રના જાપ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે ! આ જ નવકાર મંત્રના જાપથી સાધ્વીજી વિનયપ્રભાશ્રીજીએ કેટલાક ચમત્કારો પણ સર્જી દીધા છે.

કોલ્હાપુરમાં વિહાર વેળાએ તેમને છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. અમદાવાદમાં નારણપુરાના ડૉ. સુરેશ ઝવેરીને બતાવ્યું હતું. ડૉક્ટરે છાતીમાં કેન્સરની ગાંઠ હોવાનું જણાવીને ગાંઠ કાઢવા ઓપરેશન કરવાની સલાહ આપી હતી. સાધ્વીજીએ ઓપરેશનનો ઇન્કાર કરી દીધો અને નવકારમંત્રના જાપ શરૂ કરી દીધા હતા અને એક દિવસ લોહીની ઉલટી થતાં ડૉક્ટરને બોલાવવામાં આવ્યા. ડોક્ટર સુરેશ ઝવેરીએ આ લોહીની ઊલટી અંગે ચકાસણી કરતાં કેન્સર ગાયબ થઇ ગયાનુ જણાતા જ તેઓ  આ ચમત્કારથી ખુશ થયા. ગુજરાત આવતાં સાધ્વીજીના પગે નાગણ કરડી હતી. સાધ્વીજી વિનયપ્રભાશ્રીજીએ નવકારમંત્ર પર હાંસલ કરેલી સિદ્ધિના ભરોસે ડૉક્ટર બોલાવવાની ના પાડી દીધી હતી અને એ જગ્યાએ બેસી જઇને નવકારમંત્રના જાપ શરૂ કરી દેતાં તેમના મુખમાંથી લીલું કાચ જેવું પાણી નીકળ્યું અને નાગણનું ઝેર ઊતરી ગયું !

જિંદગીભર કાપ નહી કાઢવાની ટેક રાખી હોવાના કારણે સાધ્વી વિનયપ્રભાશ્રીજી મેલા કપડાવાળા મહારાજ તરીકે પણ ઓળખાય છે.

મુંબઇગરા વગેરેએ આવા ચમત્કારિક શ્રી નવકાર મંત્રને ટ્રેઇન વગેરેમાં તથા નવરાશ સમયે રોજ ખૂબ ગણી આત્મહિત સાધવું જોઇએ.

## ૧૬. નવકારે લુંટારા ભગાડ્યા

"નમો અરિહંતાણં"...... રટવા જ માંડ્યો. ત્યારે એને એક જ ધૂન ચડી. નમો અરિહંતાણં બોલ્યા જ કરે. એ ડોંબીવલીનો જૈન યુવાન હતો. આર્થિક સ્થિતિ સામાન્ય. માંડ ૭૦ થી ૮૦ હજારની મૂડી હતી. એક દિવસ આશરે ૮૦ હજાર જેટલી રકમ લઇને જતો હતો. થોડે આગળ જતા શંકા પડી કે કોઇ મારી પાછળ પડ્યું છે. બચવા ફાંફા મારતો હતો ત્યાં એક અજાણ્યાએ નીચે પાડી નાખ્યો. અને બીજાએ આની રૂપિયાની બેગ પડાવી લીધી, અને પાંચ જણા ભાગવા માંડ્યા. આ સામાન્ય માણસ તો ખૂબ ગભરાઇ ગયો કે પૈસા ગુંડા લૂંટી ગયા. મારી તો મૂડી સાફ થઇ ગઇ. હવે જીવીશ કેવી રીતે ? આ ભયંકર સંકટમાંથી મને કોણ બચાવે ? ત્યાં શ્રી નવકાર મહામંત્રનો પ્રભાવ યાદ આવ્યો. તરત નમો અરિહંતાણં સતત બોલવા જ માંડ્યો. એ ય ગુંડા પાછળ દોડ્યો.

થોડી જ વારમાં ત્યાં એક મોટર ગુંડાઓ પાસે આવી ઊભી રહી ! ગુંડાઓએ જોયું તો અંદર પોલીસો હતા !! ગુંડા ગભરાયા. બેગ લઇને દોડતાને લાગ્યું હશે કે મને જો બેગ સાથે પોલીસ પકડશે તો રેડ હેન્ડેડ ગુનો સાબિત થઇ જશે. બીકથી બેગ નાખી ઝડપથી નાસવા લાગ્યો ! બીજા બધા ગુંડા પણ એકદમ ભાગવા જ માંડયા. આ જૈને તરત જ દોડી પોતાની બેગ લઇ લીધી. જીવમાં જીવ આવ્યો. ગુંડા તો ઊંધુ ઘાલી ભાગતા જ રહ્યા. ગાડી પણ જતી રહી.

યુવાનને જાત અનુભવથી દૃઢ શ્રધ્ધા થઇ કે મારા નવકારનો પ્રભાવ અચિંત્ય છે. ભગવાને આને ચમત્કારી

મહામંત્ર કહ્યો છે એનો મને પણ આજે પરચો મળી ગયો. જો નવકાર યાદ ન આવ્યો હોત તો મારે મરવાનો વારો આવત. તે મુની શ્રી સર્વોદયસાગર મ. ને મળ્યો. બધી વાત કરી. મ. શ્રીએ પણ કહ્યું કે આ તો શાશ્વત સર્વશ્રેષ્ઠ મંત્ર છે. તમારી મોટી આપત્તિ દૂર કરી આપી. ધર્મ વધારતા રહેજો. આ પ્રસંગોમાં એક સાચો પ્રસંગ છાપ્યો જ છે કે જીવાભાઈ શેઠને પણ મુસલમાનો રહેંસી નાખત. તેમને આફતમાં આ જ નવકારે બાલ બાલ બચાવી લીધા !!

નવકારમાં જગતના સર્વશ્રેષ્ઠ અરિહંત વગેરે પાંચને નમસ્કાર કરવામાં આવે છે. તેથી જ તેનો મહિમા અદ્‌ભૂત છે. હે જૈનો ! તમે અનંત પુણ્યે આ પવિત્ર મંત્રને જન્મથી પામ્યા છો. પ્રભુમાં દઢ શ્રધ્ધા રાખી આની આરાધનાથી સર્વત્ર આત્મિક સુખ શાંતિ મેળવો એ જ શુભાશીષ.

## ૧૭. નવકાર સાધનાથી દિવ્ય સિધ્ધિ !!!

"ભાગ્યશાળી ! શું શું આરાધના કરો છો ?" પ. પૂ. ગુરૂદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વર મ. સાહેબે માટુંગાના કાન્તિભાઈને પ્રશ્ન કર્યો,. "સાહેબજી ! કાંઇ આરાધના કરતો નથી. બસ માત્ર રોજ પૂજા કરૂં છું." "કાંઇક તો કરતા હશો. જૈન છો. યાદ કરો." "પૂજ્ય શ્રી ! દર અઠવાડિયે કિરણભાઇનું વક્તવ્ય સાંભળું છું." "સારૂ છે. એમની સાધના જાણવા જેવી છે."

કાન્તિભાઇ પૂજ્યશ્રીના સ્વમુખે કિરણભાઇની સાધના સાંભળી દંગ રહી ગયા ! કાન્તિભાઇ રોજ વંદન પણ કરતા નહીં. પરિચિત શ્રાવકે કાન્તિભાઈને પ્રેરણા કરી વંદન કરવા લાવ્યા ત્યારે પૂ. આ. શ્રી એ કૃપા કરી આ નવા શ્રાવકને ધર્મમાં

આગળ વધારવા વાતો કરતાં ખૂબ ધર્મવર્ધક વાત કરી ! કાન્તિભાઇએ મને આ બધી વાત કરતા કહ્યું, " પૂ. શ્રી ની કૃપાથી પછી તો ધર્મમાં મારો વિકાસ થતો ગયો. તેમની સુંદર સાધના જાણી કિરણભાઇને ૩૦ વર્ષથી નિયમિત અવશ્ય સાંભળું છું ! પછી તો પ. પૂ. પંન્યાસજી મ. શ્રી ચંદ્રશેખરવિજય મ.સા. નો પરિચય થયો. ધર્મ હૈયામાં પરિણામ પામતો ગયો......" આ કાન્તિભાઇ વર્ષોથી સુંદર શ્રાવક જીવન આરાધી રહ્યા છે. તેમના પરિચયમાં આવતા શ્રાવકો પણ તેમનો ધર્મરાગ જોઇ ખુશ ખુશ થઇ જાય છે.

આ કાન્તિભાઇ જે કિરણભાઇની સાધના સાંભળી ધર્મી બનતા ગયા તે તમે પણ ખૂબ ધ્યાનથી વાંચો. તમારી આરાધના પણ વધી જશે ! કિરણભાઇ મહાયોગી ગણાતા પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજય મ. સા. ને ગુરૂ માનતા હતા. તેમના ચાતુર્માસ પ્રવેશ પર મારવાડ ગયા. ધામધૂમથી સંઘે પ્રવેશ કરાવ્યો. બપોરે વંદન કરી કિરણભાઇએ ગુરૂદેવને વિનંતી કરી કે રાત્રે મુંબઇ જાઉં છું. કામકાજ ફરમાવશો. પૂ. પં. શ્રીએ કહ્યું, "કિરણભાઇ ! તમારા મિત્ર સાથે ઘરે કહેવરાવી દો કે કિરણભાઈ ચોમાસું મારવાડ કરવાના છે." પં. મ. સા. નું એ ચોમાસુ મારવાડ હતું. આ સાંભળી તમે શું વિચારો ? ક્યા બહાના શોધો ? પરંતુ આ કિરણભાઇ તો સાચા સમર્પિત હતા. તહત્તિ કર્યું ! કહેવરાવી દીધું ! ચોમાસુ રહી ગયા !! (જાગો છો ? આખુ ચાતુર્માસ રાજસ્થાનમાં રહી ગયા !)

બીજે દિવસે વ્યાખ્યાન સાંભળવા ગયા. ગુરૂદેવે કહ્યું, "કિરણભાઇ, તમારે અત્યારે આ હોલમાં જ સામેના ખૂણામાં બેસી શ્રી નવકારની સાધના કરવાની છે. એક નવકાર ગણતા

કેટલીવાર લાગે ?" "૧-૨ મિનિટ" " પણ તમારે અત્યારે એક સામાયિકમાં માત્ર ૧ નવકાર ગણવાનો છે !!!" "તહત્તિ." સામાયિક લીધું. આજ્ઞા પાળવા મહેનત કરી. પણ આ સાધના મુશ્કેલ હતી. ગુરૂજીએ આશ્વાસન આપ્યું કે કંઇ વાંધો નહિ. શરૂઆત છે. કઠિન લાગે. પણ સાધના કર્યા કરો. સફળતા મળશે. કિરણભાઇએ નિષ્ઠાપૂર્વક સાધના કરવા માંડી. થોડા દિવસે સફળતા મળી ! જેમ શિખાઉ સાયકલ શીખતા ૨-૫ વાર પડે પણ મંડ્યો રહે તો આવડી જાય તેમ !

પછી પૂ. પં. શ્રી એ કહ્યું કે હવે ૨ સામાયિક સળંગ લઈ એકાગ્રતાથી એક નવકાર ગણવાનો છે. સાધના શરૂ ! કેટલાક દિવસે સફળ થયા. ગુરૂદેવે આગળ વધારતા ૩ સામાયિક માં ૧ નવકાર.. એમ ધીરે ધીરે આખા દિવસમાં ૮ સળંગ સામાયિક કરી માત્ર ૧ નવકાર ગણતા કર્યા !!! પછી પ્રેરણા કરતા અઠ્ઠાઈ કરી સળંગ ૮ દિવસ માત્ર ૧ જ નવકારનું ધ્યાન કરવા કહ્યું !!! પાછો યજ્ઞ શરૂ કર્યો ! સફળતા મેળવી જ !!!

અને આ શાશ્વત મંત્રાધિરાજની ધ્યાનની સાધનાથી કિરણભાઈમાં અદ્ભૂત શક્તિઓ પ્રગટ થઇ !!! કોઇ પણ પદાર્થનું એ ખૂબ સુંદર રીતે ખૂબ વિસ્તારથી વર્ણન કરી શકે !! વકતવ્ય કલાકો સુધી સળંગ આપે અને વચ્ચે ખાવા-પીવા-બાથરૂમ-સંડાસ કાંઇ જરૂર નહીં ! કાન્તિભાઈએ સ્વયં અનુભવ કર્યો કે એક વાર તેઓ યાત્રાએ સાથે ગયેલા. ટ્રેઇનની સળંગ ૩૬ કલાકની મુસાફરીમાં કિરણભાઇ લગાતાર છત્રીસે કલાક ધર્મ સંભળાવતા જ રહ્યા !!! વચમાં એકવાર પણ ખાવા, પીવા, ઉંઘવા, પેશાબ કરવા ન ઉઠ્યા ! બધા યાત્રાળુ ચકિત થઇ ગયા. નવકાર ધ્યાનથી સમતા વગેરે ફળ પણ મળ્યા !!!

પૂણ્યશાળીઓ ! ધન વગેરે માટે તો કરોડો માનવ ઘણી સાધના કરે છે. તમે જૈન છો. ગયા ભવમાં ઘણું પુણ્ય કરી આ જયવંતુ જિનશાસન પામ્યા છો. એને સફળ કરવા આવી કોઇ આત્મિક સાધના કરવા જેવી છે ! વળી તમે પણ નવકારવાળી ગણતા હશો. પણ વેઠની જેમ. આ વાંચી હવે પુરુષાર્થ કરો કે અનંત ફળદાયી આ શાશ્વત મંત્રાધિરાજને હું શ્રદ્ધાથી, ભાવથી ગણીશ. પ્રભુધ્યાન, ભક્તિ, પ્રવચન, સામાયિક આદિ સાધના શ્રધ્ધાથી ભાવથી કરવા મચી પડો. સર્વશ્રેષ્ઠ તીર્થંકરદેવે બતાવેલા આ અનંત મહિમાવંત પ્રભુભક્તિ વગેરેથી ભવોભવના આત્મિક સુખ શાંતિ મળશે જ !! ઉઠો ! સાધના કરો ! અને સ્વપરહિત કરો એ અંતરની એકની એક સદા માટે શુભાશીષ.

## ૧૮. શંખેશ્વર પાર્શ્વનાથે હેમખેમ પહોંચાડ્યા !!

આશરે ૭૨ વર્ષ પહેલાં વઢવાણથી લક્ષ્મીચંદ ગુલાબચંદ પરિવારના ૪ જણ સાથે શંખેશ્વર યાત્રાએ ગયા. રસ્તામાં હારિજમાં ડોસાભાઈને ત્યાં ઉતર્યા. એમણે શંખેશ્વર પહોંચાડવા એક બળદનો એક્કો કરી આપ્યો. સમયસર નીકળ્યા જેથી અજવાળામાં શંખેશ્વર પહોંચાય. રસ્તાનો અજાણ એક્કાવાળો પૂછી પૂછી જતો હતો. પણ પાપોદયે ભૂલો પડ્યો. ૭ વાગ્યા, રાત પડી, કોઇ મળતું નથી. છતાં આગળ વધી રહ્યા છે. ૮ વાગ્યા. રેતો (ઘણી રેતીના દળ) આવી ગયો. ફસાયા. બળદ ચાલી શકતા નથી. અંધારું ઘનઘોર થઇ ગયું હતુ. મોટાઓએ નિર્ણય કર્યો કે હવે કોઇ ઉપાય નથી. અહીં જ સૂઈ જઇએ.

સવારે વાત. બધા નવકાર ગણવા માંડ્યા. નવકાર પ્રતાપે સામે દૂર ત્રણ બત્તી થઇ !!! તારાની શંકા પડી, પણ વિચારતા લાગ્યું કે કદાચ સ્ટેશન હોય. આશાએ એક્કાવાળાને કહ્યું કે આ ઝબકારાની દિશામાં ગાડું હંકાર. સ્ટેશને સૂઈ જઇશું. ગયા. નાના મકાનો આવ્યા. બહાર સૂતેલા ડોસાને પૂછતાં તે કહે "શંખેશ્વર છે." નિરાંત થઇ. ધર્મશાળે પહોંચ્યા. માંગલિક થયેલું. દેરાસરના બહારથી દર્શન કરી સૂતા.

કલિકાલમાં ઘણાને ચમત્કાર દેખાડનાર આ શંખેશ્વરની શ્રધ્ધાપૂર્વક ભાવથી વિધિ સહિત ભક્તિ કરી અને નવકારની સાધના કરી હે શ્રાવકો ! તમે તમારૂં આત્મહિત કરો.

## ૧૯. જન્મથી ચઉવિહાર કરનારા બાળકો

નવસારીમાં જન્મેલ એ બાળક એટલું પુણ્યશાળી છે કે એના મમ્મી એને રાત્રે દૂધ પણ ન આપે. એ ધર્મી કુટુંબમાં કોઇ રાત્રિભોજન ન કરે. એમને થયું કે જન્મેલા બાળકને પણ આ પાપ ન કરાવવું. તેથી સ્તનપાન માત્ર દિવસે જ કરાવે... ! મલાડમાં પણ આવું બાળક છે. આ બાળકોએ પૂર્વજન્મમાં કેવું પુણ્ય કર્યું હશે કે નરકમાં લઇ જનાર મહાપાપ રાત્રિભોજનથી જન્મથી બચી ગયા ! આ કાળમાં કરોડપતિ ને અબજપતિ ઘણા છે પણ આજન્મ ચઉવિહાર કરનારા પુણ્યસમ્રાટ કેટલા ? બીજા પણ આવા કેટલાક બાળકો છે. પણ બધા મળીને વિશ્વમાં કેટલા નીકળે? કદાચ ૫૦-૧૦૦ હશે. આવા ઉગ્ર પુણ્યશાળીનું દર્શન કરવાનું મન થાય છે? જેમ ગીનીશ બુકમાં જગતશ્રેષ્ઠો નોંધાય છે એમ આ બાળકો તો ગીનીશ બુકમાં નહી પણ ધર્મરાજાના ચોપડે નોંધાઇ ગયા હશે! તમે કદાચ જન્મતી વખતે તો અજ્ઞાની હતા. વળી પુણ્ય પણ શ્રેષ્ઠ કોટિનું નહીં. જેથી માબાપ મહાધર્મી ન

મળ્યા. પણ છતાં હે જૈનો ! તમે પણ અનંત પુણ્યના સ્વામી છો. વળી તમે ખૂબ ભણેલા અને સમજુ છો. દઢ નિશ્ચય કરો કે હવે તો જાવજ્જીવ રાત્રિભોજન ન કરવું. મુંબઇ વગેરેમાં એવા અનેક ધર્માત્માઓ છે કે જેઓ ટીફીન મંગાવી, ઘેરથી સાથે લાવી કે ચોવિહાર હાઉસમાં ચોવિહાર કરે છે. એવા પણ ધર્મપ્રેમી છે કે શેઠને વિનંતી કરી ઓછા પગારે પણ રાત પહેલાં ઘેર પહોંચી ચોવિહાર કાયમ કરે છે! આજે તો વિશ્વમાં હજારો એવા સાહસિકો છે કે જેઓ બાળ, યુવાન કે પ્રૌઢ વયે રમત-ગમત, રેસ, પર્વતારોહણ, આકાશ-સંશોધન આદિ અનેકવિધ ક્ષેત્રોમાં જીવસટોસટના સાહસો કરી જગપ્રસિદ્ધ બને છે. તો તમે આવા નાના ધર્મકાર્યમાં કેમ પાછા પડો છો? ધર્મભાવ ઊંચે ઉઠાવો ને આત્મહિતને સાધો. અમારા અંતરના આશીર્વાદ છે. જેમ શ્રી વજ્રસ્વામીજીએ જન્મથી દીક્ષાના મનોરથો ને પ્રયત્ન કર્યા તેમ આ બાળકો પણ અમુક અપેક્ષાએ કેવા ઉત્તમ કે જન્મથી રાત્રિભોજનના ભયંકર પાપથી બચી ગયા !

## ૨૦. પૂર્વના સંસ્કાર

૨ વર્ષ પહેલાં મલાડમાં એક ભાઇ વંદન કરવા આવ્યા. સાથે ૨-૩ વર્ષનું બાળક હતું. મને એ શ્રાવકજી કહે કે મહારાજજી ! આને દેરે લઇ જઇએ તો આ ખૂબ રાજી થાય છે. દર્શન કર્યા જ કરે. પછી બહાર લઇ જઇએ તો રડે. મહામુશ્કેલીએ બહાર લાવીએ. હે ધર્મપ્રેમીઓ ! જોયું ? કેવું બાળક ! પૂર્વજન્મમાં ભક્તિ વગેરેના સંસ્કાર દ્રઢ પાડ્યા હશે, તો બાળવયમાં પણ દર્શનથી રાજી રાજી થાય છે. તમે તો તીર્થંકરદેવના અનંતા ગુણો જાણો છો. ભાવો પેદા કરી દિલથી દર્શન, પૂજા આદિનો અનંતો લાભ લો.

## ૨૧. પુત્રવધૂઓ કે પુત્રીઓ ?

'અમે પૂ. માતાપિતાની સેવા સુંદર કરતા હતા. પણ માતાપિતાજી મુંબઇની ધમાલ, હવામાનની પ્રતિકૂળતા વગેરે કારણે કાયમ માટે દેશમાં ગયા છે. અમે બંને ભાઇ લગભગ ૨૦ વર્ષથી મુંબઇમાં રહીએ છીએ. ધંધા, પરિવાર, બાળકોને ભણવાનું વગેરે કારણે મુંબઇ છોડવું શક્ય નથી. તેમ કર્તવ્યભૂત માબાપની સેવાથી વંચિત પણ કેમ રહેવાય? હું તો મોટી મુશ્કેલીમાં મુકાયો છું. બોલ! શું કરશું?' સૌરાષ્ટ્રના જૈને પત્નીને દિલનું દર્દ જણાવ્યું. સંસ્કારી પત્નીએ કહ્યું: 'ચિંતા ન કરશો. ભાભી અને હું વિચારી રસ્તો કાઢીશું.' **દેરાણી-જેઠાણીએ વિચારી વારાફરતી છ-છ માસ દેશમાં સેવા કરવાનું નક્કી કર્યું! મુંબઇમાં રહેનાર બંને કુટુંબોને સાચવે એ પણ નિર્ણય કર્યો!** જુદા રહેતા બન્ને ભાઇઓના પૂરા પરિવારને છ મહિના જમાડવા વગેરે બધી જવાબદારી ઉપાડનાર અને સાસુ સસરાની સેવા માટે છ માસ પતિવિયોગનું દુઃખ સહર્ષ સ્વીકારનાર આ ૨ સિંહણોએ કેટલા બધા કર્મ ખપાવ્યા હશે એ જ્ઞાની જાણે! હે સુખવાંચ્છુઓ! માતાપિતાને સુખ આપશો તો સુખ જરૂર તમારા પગ ચાટશે. શાસ્ત્રકારો કહે છે કે **માતાપિતાની સેવા કરનારને પ્રાયઃ સુગુરુ અને પરમગુરુની પ્રાપ્તિ તથા બીજા ઘણાં ફળ મળે છે.**

## ૨૨. ના ! રાત્રે પાણી ન પીવાય

'કેમ ચિનુ ! અત્યારે અડધી રાત્રે ઊઠી ગયો છે? શું ઊંઘ નથી આવતી? સૂઇ જા!'

'સાહેબ! પાણીની ખૂબ તરસ લાગી છે, રહેવાતું નથી. ગળું સૂકાઇ ગયું છે. ઉંઘ આવતી નથી. ક્યારનો સંથારામાં તરફડિયા મારી રહ્યો છું.' **પાંચ નાનકડી ઉંમરના ચિનુનો ઉપાધ્યાય મહારાજશ્રી પ્રેમવિજયજી ગણિવરને જવાબ મળ્યો.**

જ્ઞાનપંચમના કારણે ચિનુએ એ દિવસે એકાસણું કરેલું. પૂ.

ઉપાધ્યાય મહારાજ આદિનું ચાતુર્માસ વઢવાણ શહેરમાં થયેલું. ચિનુ પૂજ્યોની સાથે ઉપાશ્રયમાં જ રહી અભ્યાસ આદિ કરી રહ્યો હતો. **નિત્ય નવકારશી, રાત્રીભોજન ત્યાગ, જિનમંદિરે ભગવંતના દર્શન બાદ જ નવકારશી** પારવાની વગેરે સંસ્કારો એને ધર્મી મા-બાપ તરફથી જ મળેલા હતા.

અપ્રમત્ત આરાધક તરીકે સુખ્યાત પૂ. ઉપાધ્યાય મહારાજ બાળક ચિનુના સંથારા પાસે ગયા. **હેતભર્યા હૈયાથી એમણે ચિનુને પંપાળ્યો.**

'તૃષા લાગી હોય તો જો પેલા તપેલામાંથી ચુનાનું પાણી વાપરી લે.' ચિનુની પરીક્ષા કરવા ઉપાધ્યાય મહારાજશ્રી બોલ્યા.

'સાહેબ! અત્યારે રાત્રિ છે, મારે એકાસણું છે. રાત્રે પાણી ન પીવાય.' ઉપાધ્યાય મહારાજના અનેક વખતના વચનોનો બાળક ચિનુ પાસે આ એક જ જવાબ હતો! **વ્રત દ્રઢતા-સત્ત્વની પરીક્ષામાં ચિનુ સારી રીતે ઉત્તીર્ણ થયો.**

મહેસાણા જિલ્લાના માણેકપુર ગામનો એ ચિનુ હિરાભાઈ **૭ વર્ષ ૪।। માસની ઉમ્મરમાં જ બાળ મુનિ નરરત્નવિજયજી બન્યા,** પ. પૂ. શ્રી રામવિજયજી ગણિવર્યના શિષ્ય થયા.

સરળતા-નમ્રતા-વિનય-વૈયાવચ્ચ-અષ્ટ પ્રવચનમાતાના પાલનની ચૂસ્તતા-પાપભય આદિ અનેક ગુણના સ્વામી એ મુનિવર્ય પછી આચાર્ય વિજય નરરત્નસૂરીશ્વરજી મ. બન્યા. ૬૨ વર્ષના નિર્મળ ચારિત્રના પાલન દ્વારા તેઓ પોતાનું જીવન સફળ બનાવી ગયા.

૫ વર્ષનો ટેણિયો આવી ભયંકર તરસ લાગવા છતાં અને ગુરૂ મ. જ પાણી આપતા હોવા છતાં એકાસણું દ્રઢતાથી પૂર્ણ કરે આ વર્તમાન સત્ય કથાથી તમે શો સંકલ્પ કર્યો ? નિયમ શક્તિ મુજબના લેવા અને અડગપણે પાળવા એ જરૂરી છે. એનો અદ્દ્ભૂત લાભ છે. વળી સંતાનો ભાવ થવાથી ઉપવાસ વગેરે પર્યૂષણમાં કરે તો આજે

કેટલાક મા-બાપ પછી એકાસણું વગેરે કરાવે છે. એમાં ઉભયને કેટલું પાપ બંધાય? પચ્ચકખાણ લીધા પછી એનો ઉલ્લાસ વધારી, પ્રેમ આપી સારી રીતે તપ વગેરે પૂરા કરાવવા. છતાં કદાચ ન થાય તો એને અસમાધિ થતી હોય તો ગુરૂદેવને પૂછી અપવાદિક ઉપાય લઈ પ્રાયશ્ચિત કરાવીએ તો તેને કે તમને પાપ ન બંધાય પણ ઘણો લાભ થાય. પછી પ્રેમથી એને સમજાવાય કે બેટા ! હવે મન થાય ત્યારે એકાસણું વગેરે કરજે. પછી શક્તિ આવે ત્યારે ઉપવાસ કરે તો નિયમભંગનું પાપ ન લાગે.

સાથે આજે ઘણા વૃદ્ધો પણ બારે માસ તિવિહાર જ કરે છે. તેઓએ મનને મક્કમ કરવા જેવું છે કે આવા બાળકો જન્મથી ને નાની ઉંમરે ચોવિહાર કરતા હોય તો મારાથી કેમ ન થાય ? અને છતાં અસહ્ય ગરમીમાં કદાચ તિવિહાર કરો તો પણ શિયાળા-ચોમાસામાં કેમ ચોવિહાર ન કરવો? વિશેષમાં બિનજરૂરી રાત્રિભોજન આદિ પાપ કરતા હો તો આવા સત્ય પ્રસંગો જાણી તમારે તમારા આત્માને સમજાવવું કે મારે પણ બાળકોની જેમ મન મક્કમ કરી રાત્રિભોજન, કંદમૂળ વિગેરે શક્ય પાપોથી બચવું જોઈએ. આજથી જ પ્રયત્ન કરો અને સફળતા મેળવી આત્મહિત સાધો એ જ અંતરની અભિલાષા. આજે રાત્રિભોજન જન-સામાન્ય બની ગયું છે. છતાં તેનાથી નરકમાં જવું પડે એ અરિહંતના વચનમાં શ્રદ્ધા લાવી આ ભયંકર પાપથી તમે બચો એ શુભેચ્છા.

## ૨૩. ટી.વી. થી આપઘાત

**ધોળકામાં તા. ૨૦-૨-૮૮એ સારા ઘરની ૧૭ વર્ષની કિશોરીએ આત્મહત્યા કરી.** બનાવની વિગત એવી છે કે સામસામે બે ઘર હતા. બંને સુખી, ખાનદાન, સંસ્કારી ઘર. બંને વચ્ચે ઘર જેવો સંબંધ થયેલો. છોકરી હાઈસ્કૂલમાં ભણતી હતી.

સામેના છોકરા સાથે ભાઈ જેવો સંબંધ હતો. ૨૦મી તારીખે છોકરી ઘેર એકલી હતી. **ટી.વી. જોતાં મન વાસનામય બની ગયું.** સામે છોકરાને ઘેર ગઈ. છોકરો પણ ઘરમાં એકલો હતો. ન બનવાનું બની ગયું. થોડી વાર પછી છોકરીને તેના ઘરના ગામમાં શોધવા માંડ્યા. છોકરાને ખબર પડી. ડરથી ઘરને બહારથી તાળું મારી મોટાભાઈને બધી વાત કરી. ભાઈએ છોકરીના ઘરે કહ્યું : "અમારા ઘરમાં છે." ઘરનાં નિશ્ચિત બન્યા. તેના ઘરે જઈ ખોલતાં દોરડું ગળે બાંધી છોકરીએ આત્મહત્યા કરેલી. હાથમાં **ચીઠ્ઠીમાં લખેલું 'આમાં મારો જ દોષ છે. જે પાપને હું ખૂબ ધિક્કારતી હતી તે મેં જાતે જ કર્યું છે.** તેનું દુષ્ટ ફળ ભોગવું છું.' **આ પ્રસંગ આપણને ઘણું કહી જાય છે.** અત્યારે ટી.વી. થી ભયંકર નુકશાન થયાના આવા ઘણા દાખલા સંભળાય છે. પરલોકમાં લાંબો કાળ અહિત કરનાર ટી.વી. ની ભયંકરતાને બરાબર સમજી તેનો સંપૂર્ણ કે શક્ય ત્યાગ કરી આત્મહિત કરો એ જ શુભેચ્છા.

## ૨૪. આદર્શ પુત્ર

એક વાર એક ડૉક્ટરને મળવા ગામના પ્રતિષ્ઠિત માણસો તેમના ઘરે આવેલા. વાતો ચાલતી હતી. ચાલુ વાતમાં એકાએક ડોક્ટર ઊઠ્યા. મુલાકાતીઓને અત્યંત આશ્ચર્ય થયું. પણ હકીકત જાણીને આશ્ચર્ય સાથે આનંદ અનેકગણો વધી ગયો. સાક્ષાત્ જોયું કે થોડે દૂર, ડોસીને અચાનક ઉધરસ આવેલી. વૃદ્ધા ગળફો થૂંકવા ઊઠતી હતી એટલામાં **તો આ ડોક્ટરે દોડી પોતાની હથળે ધરી વૃદ્ધાને કહ્યું, 'મા ! આ હથેળીમાં થૂંક !'** માએ વાત્સલ્યથી ડોક્ટરને નવરાવી નાંખ્યો. ડોક્ટરે ગળફો દૂર કરી, હાથ ધોઈ

માના બરડે હાથ ફેરવવા માંડ્યો. મહેમાનોને આ જોતાં જુગુપ્સા ને આશ્ચર્ય થયા. અદ્દભૂત માતૃભક્તિ !

થોડી વારે પાછા આવેલા ડોક્ટરને પૂછતાં ખુલાસો કર્યો. 'આ મારા પૂજ્ય ને પરમ ઉપકારી માતાજી છે. મારી ૧ વર્ષની અતિ નાની ઉંમરે પિતા સ્વર્ગવાસી થયા. ગામમાં ઘાસ વગેરે લાવી મજૂરી કરી મને મોટો કર્યો. ૪ વર્ષનો કર્યો. મા કામ કરે. મને ભણવા મૂક્યો. દરેક ધોરણમાં ૧લે નંબરે પાસ થતો. મેટ્રિક થયો. નોકરી કરી હવે માને આરામ આપું, સુખ આપું એવી મારી ઈચ્છા હતી. પણ માએ ચોખ્ખી ના પાડી અને આગ્રહપૂર્વક મને કહ્યું : 'તું ખૂબ ભણ. હું મજૂરી કરીશ. તું ભણીને ખૂબ સુખી થા એવી મારી અંતરની ઈચ્છા પૂર્ણ કર !' અનિચ્છા છતાં માતાની જીદને કારણે ભણવાનું ચાલુ રાખ્યું.

**માના આશીર્વાદથી ડોક્ટર બન્યો.** માતુશ્રીની કૃપાથી થોડા વર્ષમાં મોટો પ્રસિદ્ધ સર્જન થઈ ગયો ! સુખ, સમૃદ્ધિ ખૂબ મળ્યા. કરોડ રૂ. નો બંગલો પણ મળી ગયો છે. આજે આ જે અઢળક વૈભવ મળ્યો છે તેના મૂળમાં માના આશીર્વાદ, વાત્સલ્ય, મજૂરી વગેરે ઘણું છે. **આ માનો ઉપકાર આંખ સમક્ષ સતત તરવરે છે.** ભક્તિ-સેવાની તક મળે ત્યારે થોડું ઋણ ચૂકવાય એ ભાવથી અવસર ચૂકતો નથી. માની ઉંમર થઈ. થોડી ઘણી બીમારી આવે, ઉધરસ આવે ત્યારે માને તકલીફ ન પડે માટે તરત દોડું છું. થૂંકદાની લેવાં જઉં ત્યાં સુધી માને ગળફો રાખી મૂકવો પડે. તકલીફ પડે માટે મારા હાથમાં ઝીલી લઉં છું ! આ માએ તો મારા મળમૂત્ર વગેરે સાફ કર્યાં છે ! હું તો **એણે જે કર્યું છે તેના લાખમાં ભાગનું ય કરતો નથી.** પ્રભુકૃપાથી પત્ની પણ ખૂબ સારી મળી છે.'

ડૉક્ટરની ઉચ્ચ કોટિની માતૃભક્તિ જોઈ, સાંભળી મુલાકાતીઓએ મોંમાં આંગળા નાંખ્યા ! તેમની જુગુપ્સા ક્યાંય ભાગી ગઈ ! ડોક્ટર પ્રત્યે ખૂબ અહોભાવ થઈ ગયો ! આ વાંચી તમને ડોક્ટર કેવા લાગ્યા ? મહાન માણસ ? તેમની અદ્વિતિય માતૃભક્તિને કારણે ? તમે પણ તમારા ઉપકારી માતાપિતાની ભક્તિ કરશો તો લોકો તમને ખૂબ સારા માણસ જરૂર માનશે. નહીં કરો અને પૂજ્યોને ત્રાસ આપશો તો પૈસા વગેરેને કારણે તમારી સમક્ષ તમારી નિંદા નહીં કરે, પણ તમારી પાછળ તો દિલના સાચા ભાવો વ્યક્ત કરશે. વળી તમારા સંતાનો પણ તમને ત્રાસ આપશે. ઉપરાંતમાં પાપ અને દુઃખ વગેરે બધા જ્ઞાની કથિત ફળ તો તમારે ભોગવવા પડશે.

ત્યાં હાજર ડૉક્ટરના ધર્મપત્નીને પૂછતાં કહ્યું, 'મારા સાસુ ખૂબ રૂપાળાં હતાં. વિધવા બન્યા ત્યારે ખૂબ નાની વય હતી. **પોતાના પુત્રના સુખ ખાતર પોતે બધા સુખોને લાત મારી.** પુનર્લગ્ન ન કર્યા ! ઘણા કષ્ટો વેઠી ભણાવી ગણાવી આટલા મોટા ડોક્ટર બનાવ્યા તેમનો તો અમારા ઉપર અસીમ ઉપકાર છે. દિવસ રાત અમે બંને તેમનું ઋણ ચૂકવાય એટલું ચૂકવીયે છીએ. **રાત-મધરાતે પણ માતાજીને ઉધરસ આવે, ગળફાનો અવાજ સંભળાય તો અમારા બેમાંથી જે જાગે તે ત્યાં દોડીને તેમની યથાયોગ્ય સેવા કરીએ.** આ માએ મારા પતિને હથેળીનો છાંયો આપ્યો છે. જરાય દુઃખ પડવા દીધું નથી. અમે તો માત્ર એનું પ્રતિબિંબ પાડીએ છીએ.' **'મહેમાનોના હૃદયમાં ડોક્ટર અને તેમના પત્નીના આ ભક્તિભર્યા શબ્દો કોતરાઈ ગયા. ત્રણેયની મહાનતા જોઈ જાણી એમનું અંતર જાણે અતિ સુગંધી અત્તરથી ન હોય તેમ સુવાસિત થઈ ગયું.**

હે પુણ્યશાળીઓ ! તીર્થંકરો, મહાપુરૂષોએ માતા વગેરે ઉપકારીઓની અનુકરણીય અદ્‌ભૂત ભક્તિ કરી છે. જમાનાની કહેવાતી ખોટી અસરોથી અળગા રહી તમે પણ અનંત ઉપકારી માતાપિતા વગેરેની યથાશક્તિ ભક્તિ કરી આત્મહિત સાધો. કદાચ સંયોગો આદિને કારણે સેવાભક્તિ ઓછી વધતી થાય તો પણ માના પ્રત્યે આદરભાવ, બહુમાન તો ખૂબ રાખવા. **તેના હૈયાને આપણા કઠોર વચનોથી ઠેસ ન પહોંચે તેટલી કાળજી તો બધા રાખી શકે.-** ‘આ દીકરો મારો જ છે. એના હૈયાના ખૂણે ખૂણે મારું સ્થાન છે.’ આટલી ખાત્રી તમારા વચન-વર્તનથી તેને કરાવવી એ સુસંતાનોનું કર્તવ્ય છે. કૃતજ્ઞ બનવું જ જોઈએ એ જ્ઞાનીની હિતશિક્ષા આપણા જ કલ્યાણ માટે છે. સુજ્ઞેષુ કિં બહુના ?

## ૨૫. સાચી ધર્મી માતાનો પુત્ર બાળપણથી ધર્મી !

અમદાવાદના વિજયનગરમાં રહેતા આગમિકની અલૌકિક આરાધના અતિ અનુમોદનીય છે. પંન્યાસ શ્રી ભુવનસુંદરવિજયજી આ છ વર્ષના બાળરાજાને ચૌદશના પ્રતિક્રમણમાં આતિચાર બોલતો સાંભળી ખુશ-ખુશ થઇ ગયા. કોઇ નિષ્ણાત કિશોર ગીરદીવાળા રસ્તેથી કાર અફલાતૂન ચલાવે **તેમ આ ટેણિયો એક પણ ભૂલ વિના સંઘની સમક્ષ ડર્યા વિના અતિચાર બોલતો હતો !!!** માત્ર પાંચ વર્ષની ખૂબ નાની વયે તો એ બે પ્રતિક્રમણ શીખી ગયેલો.

આ એવો પુણ્યપનોતો છે કે એણે આજ દિન સુધી **આ જન્મમાં કાચું પાણી પીધું નથી !** નરમ તબિયતને કારણે રાત્રે દવા અને દૂધ તેને આપવાં પડે છે. છતાં ૨ વર્ષથી રાત્રે તેની મમ્મી બીજું કશું આપતી નથી. **લગભગ અઢી વર્ષથી રોજ સામાયિક કરે છે !**

**પાલડીનો ૭ વર્ષનો અર્પિતકુમાર વંદિત્તુ,** નાની શાંતિ, મોટી શાંતિ પ્રતિક્રમણમાં ઘણી વાર બોલ્યો છે. હાલ અજિતશાંતિ તેની મમ્મી તેને ગોખાવે છે. પર્યુષણમાં એકાસણાં કરી ચોસઠ પ્રહરી પૌષધ કર્યા ! **આ બધા સંસ્કાર માતા-પિતાના છે.** તેની મમ્મીના શુભ સંસ્કારોથી બે પ્રતિક્રમણથી વધુ અભ્યાસ, નવકારશી, ચોવિહાર વગેરે શ્રાવકના ઘણા બધા આચારોથી એણે પોતાના આત્માને શણગાર્યો છે. આ અર્પિતે જન્મ પછી ૪૦ દિવસ પછીથી ક્યારેય પૂજા છોડી નથી ! સવા વર્ષની ઉંમરથી આરંભેલો રાત્રિભોજનત્યાગ આજ સુધી ચાલુ છે ! તેને કોઇ લાખ રૂ. આપે તો પણ રાત્રિભોજન કરવા તે તૈયાર નથી ! કલાકાર પોતાના પુત્રને નાનપણથી કળા શિખવાડે તેમ તમે **જૈનો તમારા પ્રાણપ્રિય લાડકવાયાઓને પારણામાંથી કેળવો તો તેનું અને તમારું નામ અને કુળ રોશન કરશે.**

## ૨૬. ધર્મનો અચિંત્ય પ્રભાવ

મુંબઇના રાજનના આશ્ચર્યજનક ધર્મપ્રેમ વિષે ધ્યાનથી વાંચો. જન્મથી હાડકાનો રોગ; જાતે ઊઠી ન શકે, હાથ-પગ વાળી ન શકે. પ. પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા. ના વ્યાખ્યાન સાંભળવા તેના પિતા જતા. સાથે તેને પણ મોટરમાં રોજ લઇ જાય. **વ્યાખ્યાન તે ૧૦ વર્ષની લઘુ વયે પણ ધ્યાનથી સાંભળે !** સાંભળતાં સાંભળતાં જૈન ધર્મ હૈયામાં વસતો ગયો !! **પૂજા, સામાયિક, ધાર્મિક અભ્યાસ, રાત્રિભોજન-ત્યાગ, વીડીયો-ગેમનો ત્યાગ, ટી.વી.નો ત્યાગ, ઉકાળેલું પાણી, ૧૪ નિયમ, ૧૨ વ્રત, ભવ-આલોચના વગેરે ધર્મ ક્રમશઃ અપનાવવા**

**માંડ્યો !!!** ઘરના બધા પણ તેની ધર્મપ્રગતિ જોઈ ખૂબ ખુશ થતા.

એકવાર માંદગી ખૂબ વધી ગઈ. ડૉક્ટરે રાત્રે દવા વગેરે લેવા ખૂબ દબાણ કર્યું. છતાં તેણે ન જ લીધી ! પછી તો સ્કૂલ પણ છોડી દીધી. માત્ર ૧૬ વર્ષની ઉંમરે હસતાં હસતાં તેનો સ્વર્ગવાસ થયો ! નાની ઉંમરે તે મર્યો તેથી તેના પપ્પા-મમ્મી વગેરેને દુઃખ થયું. છતાં તેનું સમાધિમરણ પ્રત્યક્ષ જોયું તેથી સંતોષ પામ્યાં.

હે જૈનો ! જિનવાણીનો ખૂબ પ્રભાવ છે. તમે રોજ ધ્યાનપૂર્વક સાંભળો. તમે પણ જિનશાસન, આત્મા વગેરેને ઓળખશો તો સર્વત્ર સુખ અને શાંતિ પામશો.

## ૨૭. જુઓ રે જુઓ બાળકો કેવા ધર્મપ્રેમી ?

**જૈનનગરના** કેટલાક ૧૨-૧૪ વર્ષના બાળકો કંપાસ, બોલપેનો વગેરે ઘણી **વસ્તુઓ આપીને મને કહે,** "મહારાજ સાહેબ, જે બાળકો સામાયિક કરે, ગાથા કરે, શિબિરમાં આવે એવા બાળકોને આની **પ્રભાવના કરજો.** અમે બાળકોએ પૈસા ભેગા કર્યાં છે. આ વસ્તુઓની **ધાર્મિક બાળકોને પ્રભાવના કરવાનો લાભ લેવો છે !"** નાના બાળકોની પણ કેવી ઉત્તમ ભાવના ! આ બાળકો પહેલાં પણ એક વાર થોડી વસ્તુઓ શિબિરના બાળકોને ઈનામ આપવા આપી ગયેલા. વળી શિબિરમાં તેઓ જૈનનગરથી પંકજ સોસાયટી આવે ! પછી પેન લાવી મને કહે, **"અમને લાભ આપો. આપે શિબિરમાં અમને આવું સુંદર ધાર્મિક જ્ઞાન આપ્યું તેથી અમને મન થયું છે."** કેવા

બાળકો ? વ્યાખ્યાનમાં સુંદર હિતકર વાતો સાંભળીને શ્રાવકોએ પણ આમ વિચારવું ન જોઇએ કે આવું શ્રેષ્ઠ જ્ઞાન, સમજ આપનાર દેવ અને ગુરુની અમારે યથાશક્તિ ઉપાસના કરવી છે ? ડૉક્ટર, વકીલને ફી તમે બધા આપો જ છો. આત્માનું કલ્યાણ કરનાર, સોનેરી શિખામણ આપનાર દેવ-ગુરુ પ્રત્યે તમે આદર-બહુમાન વધારી આવા અમૂલ્ય જ્ઞાનને પરિણત કરો.

શિબિરમાં **જૈનનગરનાં બાળકોની વાત સાંભળી ભગવાનનગરના ટેકરાના ૩-૪ બાળકોને મન થયું.** એમની ભાવના જાણી બીજા બાળકોને પણ મન થયું. અને ૧૩ બાળકોએ દરેકે પંદર પંદર રૂપિયાનું ફંડ કર્યું અને મને કહ્યું કે શિબિરમાં સારા જવાબો આપનારને રૂા. ૫/- ઇનામ અપાય છે તેમ અમારા તરફથી અમારે ઇનામ આપવા છે ! પછી તેઓ **૭૩ રૂા. નું પહેલું** ઇનામ વગેરે પાંચ ઇનામ લઇ આવ્યા અને પાઠશાળાના અધ્યાપકને ભેટ આપવા પણ વસ્તુ લઇ આવ્યા. સંઘ તરફથી પહેલું ઇનામ ૮ થી ૧૦ રૂા. નું અપાય. જ્યારે આ ઉદાર, ભાવના-ભરપૂર **બાળકો કિમતી સારા ઇનામો આપવાની હિંમત કરે !** તમે પણ આમ ભાવનાઓને ઉદાત્ત બનાવો અને બીજા ધર્મી બાળકોની ભક્તિ કરવાના સંસ્કાર તમારા બાળકોને આપી તમારું ને તેમનું હિત કરો એ શુભેચ્છા.

## ૨૮. ટી. વી. ત્યાગ

ડભોઈનો જેનીલ ભરતભાઈ આઠ વર્ષની ઉંમરથી ટી.વી. ત્યાગ, ચૌદ નિયમ ધારવા, જિનપૂજા, માતાપિતાને પ્રણામ, થાળી ધોઈને પીવી, નવકારશી, ચઉવિહાર આદિ ઘણો ધર્મ કરે છે ! એની મમ્મીએ ખૂબ વાત્સલ્યથી ઘણાં સંસ્કારો આપ્યા છે.

તમારા સંતાનોને સારા સંસ્કારો સીંચી સાચા શ્રાવક બનાવો એ જ હિતશિક્ષા.

## ૨૯. રોગમાં પણ સમતા !

રાજકોટના દિલીપભાઈ ઘીવાળા સૂરતમાં રહે. એમના માતાજી દેવગુરૂના સારા ઉપાસક, ધર્મ આરાધનાના રસિયા....... **૬૫ વર્ષે એમણે જાતે ચઢીને શત્રુંજયની યાત્રા કરી !** ઘડપણમાં એમને પગના હાડકાની ખૂબ તકલીફ થઈ. જાતે ચાલી ન શકે. ઊઠી ન શકે. પેશાબ-સંડાસ સુવાના પલંગમાં જ કરવા પડે. દિવસે એમના પત્ની માતાજીની સારી સેવા કરે, રાત્રે દિલીપભાઇ સેવા કરે.... માતાજીને કલાકે કલાકે પેશાબ કરવો પડે. દિલીપભાઈને દિવસે નોકરી કરવાની. છતાં રાત્રે માતાજીની ખુબ સુંદર સેવા કરે ! માની સેવામાં ઉંઘમાં વારંવાર ખલેલ પડે. છતાં ઉપકારી માતુશ્રીની સેવા કરતા દિલીપભાઈ અને એમના ધર્મપત્નીને ખૂબ આનંદ !! એમણે ચાર વર્ષ સતત માની સેવામાં પ્રસન્નતાપૂર્વક પસાર કર્યા !!

માજી પણ અજબ-ગજબના જિનધર્મપ્રેમી. સવારે સ્નાન બાદ માનસિક રીતે સ્નાત્ર ભણાવે. **દિવસે પલંગમાં જ આઠ કલાક સુધી સામાયિક કરે !!!** વાંચન, જાપ કરે. **કર્મે આપેલ દુઃખમાં પણ સમાધિ-શાંતિપૂર્વક ધર્મ આરાધનામાં મસ્ત રહે !!**

## ૩૦. રાત્રિભોજન નરકનું દ્વાર

એક નાના બાળકને પોતાના માતા-પિતાના સંસ્કાર મળ્યા હોવાથી રાત્રિ-ભોજન ત્યાગ, જિનપૂજા તેના જીવનમાં સહજ હતા. એક વાર વેકેશનમાં પોતાના મામાને ઘેર ગયો. ત્યાં પતંગ ઉડાડવાના દિવસો હોવાથી પતંગ ઉડાવવાની મોજમાં

સાંજે જમવાનું ભૂલી ગયો અને રાત પડી ગઈ. રાત્રે ભૂખના કારણે **પેટમાં ખૂબ દુખાવો થયો. સહન થાય નહીં, બધાએ જમવાનું કહ્યું પણ તે છોકરો પેટ દબાવીને પડ્યો રહ્યો.** પણ વાપર્યું નહિ. અંતે ઊંઘ આવી ગઈ. તમારા જીવનમાં ધંધાદિ કોઈ પણ કારણસર રાત્રિભોજન કરવાનું વિચારશો નહિ. રસ્તા ઘણા છે. પણ જો ટેવ પાડશો તો ક્યારેય રાત્રે વાપરવાની ઈચ્છા નહિ થાય. જો તમારે **અહીંથી મરીને સીધા નરકમાં જવું ન હોય તો રાત્રિભોજનનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.**

## ૩૧. સારા બાળકો વડીલોને ધર્મી બનાવે !

એક શ્રાવિકાએ વર્ધમાન-તપનો પાયો નાંખ્યો. વ્યાખ્યાનમાં રોજ પોતાના નાના પુત્રને લઈ જાય. પછી પારણું કર્યું. પારણું કર્યા પછી એક સંબંધીને ત્યાં જમણવારમાં જમવા જવાનું હતું. તેથી બાળકોને સાથે લઈને માતા ગઈ. માના ભાણામાં બટાટાનું શાક જોઈ પુત્ર કહે છે, **"મા, મા! તેં તો પાયો નાંખ્યો છે. બટાટા તારે ખવાય ?"** માએ તેને ધીરેથી કહ્યું, "બેટા, હમણાં ન બોલ....." દીકરાએ મોટેથી કહ્યું, "મહારાજ સાહેબને કહી દેવાનો છું." માએ બટાટા નહિ ખાવાનો આજીવન નિયમ લઈ લીધો.

હે શ્રાવકો ! દેવ અને ગુરુની સોનેરી શિખામણો તો માનવી જ જોઈએ, પણ કયારેક તમારા ધર્મી સંબંધીઓ કે બાળકો વગેરે પ્રેરણા કરે તો હિતકારી સલાહ સ્વીકારવી જોઈએ.

## ૩૨. કોલેજીયન ધર્મ કરી શકે ?

**એ યુવાન ઈલેક્ટ્રોનિક્સ એન્જીનીયરીંગના પાંચમા**

**સેમેસ્ટરમાં ભણે.** મહારાજ સાહેબના પરિચયથી ધાર્મિક પુસ્તકો વાંચવા માંડ્યા. પછી સામાયિક રોજ કરવા માંડ્યો. પછી તો સામાયિક ક્યારેક ૨-૩ પણ કરે. **એન્જીનીયરીંગની ફાઈનલ પરીક્ષા સુધી પણ રોજ સામાયિક કરે !** આજે ઘણાં માતા-પિતા પરીક્ષા અને અભ્યાસને બહાને **પુત્રોને પાઠશાળા, ધાર્મિક અભ્યાસ, સામાયિક, જિનપૂજા આદિ આત્મહિતકારી ધર્મો બંધ કરાવે છે.** પણ આ કેવો ખોટો ભ્રમ છે તે વિચારવા જેવું છે. પરીક્ષા સુધી રોજ કલાકો સુધી ક્રિકેટ રમે, સાઈકલ ફેરવે, ટી.વી. જુએ એ બધું તો બંધ ન કરાવે, પરંતુ ઉપરથી કહે કે છોકરો છે. રમવા તો જોઈએ ને ? તો તમને એમ ન થાય કે **જૈન છે તો પુત્રે પૂજા, પાઠશાળા તો કરવા જોઈએ જ ને ?** તમારી ખોટી માન્યતાઓથી પુત્રોને પાઠશાળાઓમાં મોકલો નહીં. મોકલો તો નિયમિત ન મોકલો. પરીક્ષા, અભ્યાસ, ગૃહકાર્ય એ બધાં બહાનાંથી વચ્ચે ઘણાં ખાડા પડાવો. તેથી ધાર્મિક વિશેષ ભણે નહીં. ઘણું ભૂલે. આમ, તમારું ને બાળક બન્નેનું અહિત થાય. પિતા કર્તવ્ય ચૂકે તેથી પાપ બાંધે ને બાળક સ્વચ્છંદી બની પાપ બાંધે.

## ૩૩. સામાયિક સ્પર્ધા

જૈન નગરમાં શિબિરમાં બાળકોને ઉત્કૃષ્ટ સામાયિકની પ્રેરણા કરી. પ્રિયંકાએ **૨૪ કલાકમાં ૧૯ સામાયિક** આખી રાત જાગીને પણ કર્યા ! તમે પણ રોજ એક સામાયિક તો કરશો ને ?

## ૩૪. ભક્તિપ્રભાવે માળામાં મનસ્થિરતા

વડોદરાના કલ્પિતાબહેન મારા સુપરિચિત છે. એમનો આ અનુભવ ધ્યાનથી વાંચી તમે બધાં પણ આ શ્રેષ્ઠ લાભ મેળવો.

આ સુશ્રાવિકા નવકારવાળી ગણે. પણ ફાલતુ ઘણાં વિચારો આવે. તેમને ઘણી વાર થતું કે આ શાશ્વત સર્વશ્રેષ્ઠ મંત્રમાં તલ્લીનતા આવે તો કેવું સારું. એક વાર ભીલડીયાજી યાત્રાએ ગયાં. ત્યાં પ્રભુદર્શન કરતાં એમને આનંદ આનંદ થઇ ગયો. !

પૂજા કરતા કરતા તો ઘણા વખતની અંતરની શુભ અભિલાષાને કારણે મનમાં જ શુભ ભાવ જાગ્યો અને પ્રભુને સાચા હૃદયથી પ્રાર્થના કરી, "હે સર્વજીવકલ્યાણકારી ! નવકારવાળી ધ્યાનથી ગણી શકું એટલું કરી આપ ! મારે બીજુ કાંઇ જોઇતું નથી." હે જૈનો ! જુઓ. સાચી ભાવના ખરેખર સફળ થાય છે, તેથી જ શ્રાદ્ધવિધિમાં પણ પૂર્વાચાર્યોએ શ્રાવકોને ધર્મના મનોરથ રોજ કરવાની વિધિ બતાવી છે. આ બહેનને ત્યારે માળા ગણતાં ખરેખર તલ્લીનતા આવી ગઇ ! ખુશ ખુશ થઇ ગયાં.

આ શ્રાવિકા કહે છે કે ત્યારથી મને નવકારવાળીમાં સ્થિરતા પ્રાપ્ત થઇ છે. હે પુણ્યશાળીઓ ! તમે પણ નવકારવાળી ગણતાં હશો. પણ ઘણાં બધાની ફરિયાદ છે કે નવકારવાળીમાં ખોટા વિચારો બહુ આવે છે. મારે તમને પૂછવું છે કે માળામાં વેઠ ઉતારો તો લાભ ઘણો ઓછો મળે ને ? તેથી તમને પણ આ મહેચ્છા હશે કે નવકારવાળી ખૂબ સારી રીતે ગણવી. તો આ સત્ય પ્રસંગથી નક્કી કરો કે તમે પણ શંખેશ્વર વગેરે તીર્થમાં જાઓ ત્યારે દિલથી ગદ્‌ગદ્ થઇ પ્રાર્થના કરો તથા રોજ પૂજા આદિ ભક્તિ પછી પ્રભુને હૈયાથી વિનવો કે દાદા ! શાશ્વત મંત્ર મારાથી ખૂબ ભાવથી ગણાય એટલું કરી આપ ! સફળતા મળશે. અને અંતરની સાચી ભાવના અશુભ કર્મોનો

નાશ કરશે. અનંતા જીવોએ આ શાશ્વતમંત્રધ્યાનથી અપૂર્વ કલ્યાણ કર્યું છે. તમે આની ભાવપૂર્વક આરાધના કરો એ શુભાશિષ.

## ૩૫. આત્મા અને પરલોક છે જ

પુનર્જન્મના આ સત્ય કિસ્સાથી પરલોક છે જ વગેરે ઘણું સિદ્ધ થાય છે. મુંબઈના સેવંતીભાઈ અત્યારે પણ જીવે છે. ૩ વર્ષની ઉંમરમાં તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વના ભવ યાદ આવી ગયા. પહેલા ભવમાં પાટણમાં એક ઘરે જૈન તરીકે જન્મેલા. કેવલચંદ નામ હતું. તે કાપડનો ધંધો કરતા. પત્ની, પુત્ર હતા. બીજું પણ ઘણું બધું કહી બતાવ્યું. ઘરનાએ તપાસ કરી. બધુ સાચું નીકળ્યું. વડોદરાના રાજા સયાજીરાવે આ કિસ્સો જાણી બે વિદ્વાનને સત્ય જાણવા મોકલ્યા. તેમની આગળ આ ટેણીયાએ ઘણી વાતો સાથે એ પણ કહી દીધું કે મેં કેવલચંદે પાટણના ડાહ્યાભાઈની પેઢી સાથે ધંધામાં ફલાણી સાલમાં ફલાણા મહિનામાં સોદા કરેલા વગેરે. વિદ્વાનોએ પાટણની એ પેઢીના જૂના ચોપડા કઢાવી તપાસ કરતા એ વાતો સત્ય નીકળી. ખૂબ પરીક્ષા કરી એ વિદ્વાનોએ કહ્યું કે આ છોકરાની ઘણી વાતો સંપૂર્ણ સાચી સાબિત થાય છે !!!

આ બાળકે બીજી પણ ઘણી સાબિતીઓ આપેલી. બીજા ભવમાં આ સેવંતીભાઈ બ્રાહ્મણ થયા. મારે સ્વયં આ શ્રાવક સાથે રૂબરૂ ઘણી વાતો થઈ છે.પુનર્જન્મથી આત્મા, કર્મ વગેરે શાસ્ત્રની બધી વાતો સિધ્ધ થાય  જ છે. આજે તો ભારત અને અમેરિકા વગેરે ઘણા દેશમાં થયેલ સંશોધનોથી વિદેશીઓ પણ આ બધો અભ્યાસ કરી, આત્મતત્ત્વ વગેરેમાં શ્રદ્ધાળુ બન્યા છે. અનેક ભવના આત્મિક સુખો માટે અનંતાનંત પુણ્યે મળેલા આ

જૈન ધર્મને શ્રદ્ધા અને ઉલ્લાસથી આરાધો એ જ એક શુભાભિલાષા.

## ૩૬. પુણ્ય મૃત્યુથી બચાવે છે

જતીનભાઈ વગેરે ૫૦ જણા બસમાં તા. ૬/૨/૮૮ એ જેસલમેરથી નાકોડાજી જતા હતા. જતીનભાઈ અને ભારતીબ્હેન ટૂંક સમયમાં દીક્ષા લેવાનાં હતાં. આ છેલ્લી જાત્રા હતી. રાત્રે સાડા દસ વાગે **બ્રહ્મચર્ય વિશુદ્ધ પાળવા જતીનભાઈએ બસમાં બેઠક બદલી.** આગળ ટ્રક સાથે અકસ્માત થયો. ત્યાં જ નવ જણ મર્યા. બસની ડેકી તૂટી. ભારતીબ્હેન ઊછળી તેમાં પડ્યા. બસ ૫૦૦ ફૂટ ખેંચાઈ. તેમની બાજુમાં બેઠેલ ભરતભાઈ મર્યા. બાજુવાળા મધુબ્હેનને હાથે-પગે ઈજા. બાજુવાળા મનહરબ્હેનના હાથ-પગ કપાયા. જયારે ભારતીબ્હેનને માત્ર ૨-૩ ટાંકા આવ્યા, પણ બચી ગયા. આ સત્ય કિસ્સો ત્યારે ટી.વી. તથા છાપામાં આવેલ.

પુણ્યોદયે જતીનભાઈને સીટ બદલાવી મરતાં બચાવ્યા ! ભારતીબ્હેનની આજુબાજુવાળાઓને મૃત્યુ, ઘણી ઈજા વગેરે થયા. પણ વચ્ચે બેઠેલા ભારતીબ્હેનને મામૂલી ઈજા થઈ ! બંને પુણ્યાત્માએ ૮ વર્ષ પહેલાં બેંગ્લોરમાં દીક્ષા લીધી !

## ૩૭. ૯૨ ઉપવાસની અંતિમ આરાધના

મુલુંડમાં વસતા ૮૦ વર્ષના શ્રી માવજીભાઈ ૯૨ ઉપવાસ કરી તા. ૪-૯-'૯૩ના શનિવારે રાત્રે ૧-૪૦ કલાકે નમસ્કાર મહામંત્રનું સ્મરણ-શ્રવણ કરતાં કરતાં મહાવિદેહમાં પધારી ગયા !

ત્રણ મહિના પૂર્વે તેમને લકવાનો હુમલો આવ્યો.

આકસ્મિક હુમલાથી તેઓ વ્યથિત થઈ ગયા. **રાત્રે ૧૨ વાગ્યે દૈવી સંકેત થયો કે તુ અંતિમ આરાધના કરી સીમંધરસ્વામી પાસે આવી જા.**

જેણે જીવનમાં એક પણ ઉપવાસ કર્યો નથી એવા માવજીભાઈએ અનશન (ઉપવાસ) કરવાનો નિર્ણય કર્યો. બીજા દિવસથી ઉપવાસ શરૂ કર્યાં. ઘરવાળાઓને એમ કે બે ત્રણ ઉપવાસ કરી થાકશે. પણ જ્યાં મક્કમતા હોય ત્યાં થાકની વાત ક્યાં ? ઉપવાસ આગળ વધ્યાં...... દસમા ઉપવાસે બધો જ રોગ મટી ગયો ! સજ્જડ થઇ ગયેલા હાથ-પગ પૂર્વવત્ ચાલતા થઇ ગયા ! દિવ્ય ચમત્કાર થયો !

થોડા દિવસ બાદ **દૈવી સંકેત દ્વારા રાત્રે તેમને સીમંધરસ્વામીનો જાપ મળ્યો,** ને ચોવીસે કલાક તે જાપ કરવામાં મસ્ત બની ગયાં. તપ-જપની સાધના આગળ વધતી ગઈ.

બાવીસમા ઉપવાસે મુલુંડમાં પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિ મ. નો પ્રવેશ થયો. ત્યારે સામૈયામાં જ તેમના ઘરે પૂજ્યશ્રીએ પગલાં કર્યાં, આશિર્વાદ આપ્યાં. શ્રી સીમંધરસ્વામી પાસે ૮ વર્ષે દીક્ષા લઈ નવમા વર્ષે કેવળી બનવાના તેમના અંતરમાં અરમાન હતા. **૯૨ ઉપવાસમાં કદી માથું કે પગ દુઃખ્યા નથી !** ભૂખ-તરસ લાગી નથી. કોઈ પીડા નહીં. અખંડ દીવાની જ્યોતમાંથી કેસર નીકળતું અનેક જણાએ પ્રત્યક્ષ જોયું છે. રાત્રે ઝગારા મારતા દેવવિમાનને આવતા તેમના સંબંધીઓએ જોયું છે.

પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિ મ., મુનિ ભગવંતો, સાધ્વીજી વગેરેએ ભાવવર્ધક પદો સંભળાવી અદ્ભૂત સમાધિ આપી. ૯૦

ઉપવાસ સુધી પૂર્ણ સ્વસ્થ હતાં. **૭૦ ઉપવાસ સુધી તપાસી મુંબઈભરના મોટા મોટા ડૉક્ટરો પણ આશ્ચર્યમુગ્ધ થઈ જતાં.** ઉપરનું બી.પી. ૭૦; નીચેનું ૫૦ અને પલ્સ ૬૦ રહેતાં.મોટા મોટા ડૉક્ટરો કહે અમારી સમજણ મુજબ આ કેસ અડધો કલાકથી વધુ જીવે નહીં, ને ૯૨ દિવસ જીવ્યાં !! ઉપરનું બી.પી. ૭૦ થી ક્યારેક તો ૯૦ થઇ જાય ! ડૉક્ટરોને આશ્ચર્ય થતું કે ખાધા-પીધા વગર બી.પી. વધે જ કઈ રીતે ?

૯૨ દિવસ અપૂર્વ સમતા સાથે વિતાવ્યાં. ધર્મ સાંભળવાની જ તીવ્ર રુચિ ને સંસારીઓ પ્રત્યેના સર્વ પ્રકારના મમત્વનો ત્યાગ, મૂડીનો ઘણો ભાગ શુભ કાર્યમાં વાપરવાનો નિર્ણય વગેરેથી જીવન ધન્ય બની ગયું હતું.

હે ભવ્યો ! તમે પણ જીવન ધર્મમય બનાવી અંતિમ આરાધનાપૂર્વક સમાધિ મૃત્યુ મેળવી સદ્‌ગતિ પામો એ શુભેચ્છા.

## ૩૮. ગેબી શક્તિ

વીરમગામનાં સુશ્રાવક હરિભાઈ ભગવાનના ભક્ત. એકવાર હરિભાઇ શંખેશ્વરજી દાદાની યાત્રા માટે ગયા. ત્યાં ગયા પછી પૂ.પં. શ્રી જંબૂવિજય મ. ને લોલાડા વંદન કરવાની ભાવના થઈ. સાધનની તપાસ કરી. હડતાલના કારણે સાધન ક્યાંય ન મળ્યું. પેઢીમાં પૂછ્યું. જવાબ આપ્યો :- “કોઇ સાધન અત્યારે નહીં મળે.” પણ અંતરમાં ગુરુ મહારાજને મળવાની તીવ્ર ઝંખના હતી. તેથી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનને પ્રાર્થના કરી, “દાદા! મારે ગમે તેમ કરીને આજે ગુરુવંદન કરવું

જ છે ! તારામા બધી તાકાત છે ! તારા સેવકની ભાવના પૂરી કર !" બસ, રસ્તામાં જે મળે તેને પૂછે, "ભાઇ! લોલાડા જવું છે; કોઇ સાધન છે ?" એમ કરતાં, બસ સ્ટેન્ડે પહોંચ્યા. કોઇ સાધન ન મળ્યું. **છતાં દાદા પર પૂરી શ્રધ્ધા હતી. દાદા મારા અંતરના અરમાન જરૂર પૂરશે !** સ્ટેન્ડે ઊભા રહ્યા. થોડી જ ક્ષણોમાં એક જીપ આવીને એમની પાસે ઊભી રહી ! તેમણે પૂછ્યું, "કાકા ક્યાં જવું છે ? " "મારે લોલાડા જવું છે." "ચાલો બેસી જાવ, હું ત્યાં જ જઉં છું, વળી ત્યાંથી હું કલાકમાં પાછો અહીં જ આવવાનો છું તમને લેવા આવીશ." બેસી ગયા. ત્યાં પહોંચ્યા. ગુરુ મહારાજને મળ્યાં. વંદનની ભાવના ફળી. અડધો કલાક પૂ. શ્રી સાથે ધર્મવિચારણા કરી જીપમાં પાછા પણ આવી ગયા ! ભગવાન શ્રી શંખેશ્વર દાદા ઉપરની પૂર્ણ શ્રધ્ધાએ ચમત્કાર કર્યો ! ધર્મની સાચી ભાવના ફળ્યા વગર રહેતી નથી.

## ૩૯. ધર્માનુરાગી બાળા

મૈત્રી અમદાવાદના ખાનપુરની વતની છે. તેના વિશિષ્ટ પુણ્યની કેટલીક વાતો અહીં કરવી છે. **જન્મથી તેણે કાચું પાણી પીધું નથી ! ૧ વર્ષની ઉંમરથી ચઉવિહાર કરે છે !! સાડાબાર વર્ષની ઉંમરે એણે બે પ્રતિક્રમણ મોઢે કરી લીધા !!!**

તપસ્વીઓના વરઘોડામાં એક દિવસ એ ગઇ હતી. ખૂબ ગરમી હતી. બપોરના બાર વાગી ગયા હતા. મૈત્રીને ખૂબ તરસ લાગી. રડવા માંડી. કોઇએ પૂછતાં તેણે તરસની વાત કરી. પાણી મંગાવી આપ્યું. તેણે કહી દીધું, "હું કાચું પાણી પીતી નથી." આટલી બાલ ઉંમરે આટલી ભયંકર તરસમાં હું ઉકાળેલું પાણી જ પીશ એવી દઢતા બાળકમાં રહે ? ઉકાળેલું પાણી મંગાવી આપ્યું તો

કહે, “મારી મમ્મીના હાથે જ પીશ.” આ પ્રૌઢ પુણ્યવંતી બેબલીને ધન્ય છે કે જેણે ધર્મી પરિવાર તો મેળવ્યો છે, પણ મળેલા સંસ્કારને પણ એણે પૂર્વભવની અનુમોદનીય સાધનાથી અનેકગણા ઉજાળ્યા છે ! રમત અને તોફાનની વયે ધાર્મિક જ્ઞાન ભણવું, ચઉવિહાર વગેરે કઠિન આચાર પાળવા, આ બધું ખૂબખૂબ અનુમોદનીય છે. તમે પણ તમારા સંતાનોને સુસંસ્કારો આપશો તો તેઓ પણ ધર્મી બને. તેથી તમને ભવોભવ જૈન ધર્મ મળે અને ગમે.

## ૪૦. બાળકની વિશિષ્ટ અહિંસા

૫૫ વર્ષ પૂર્વે મુંબઇના અતિ ધનાઢય રાવબહાદુર પ્રતાપશીભાઇના પુત્ર કાંતિભાઇનો ઇન્દ્રવદન સેંટઝેવિયર્સ સ્કૂલમાં ભણતો. વનસ્પતિમાં જીવ છે એવું મુનિરાજના સત્સંગ-થી જાણ્યા બાદ પી.ટી. ના પીરીયડમાં બેન્ચ નીચે સંતાઇ જાય ! કારણ ઘાસ પર જ રમતો રમાય. જયારે પી.ટી. ના વર્ગ વખતે સરને ખબર પડે કે ઇન્દ્રવદન આવ્યો નથી, ત્યારે ત્રણચાર છોકરાઓને મોકલી ટાંગાટોળીથી બોલાવી તેને નીચે ઘાસમાં મૂકે ત્યારે તેના શરીરે કંપારી છૂટી જતી કે આ જીવોને શું થતું હશે !!!

તે સ્કૂલે મોટું તિલક કરીને જતો અને ઉકાળેલા પાણીની વોટરબેગ લઇ જતો ! અને બર્થડેમાં મળતા રૂા. ૧૦૦ ના લાડુ લઇને ગરીબોને વહેંચી આવતો ! અને મમ્મી છાપાની પસ્તી વેચીને પૈસા રાખે તો તે લઈને તેની મીઠાઇ અને કેરીની સીઝનમાં કેરી લાવીને ગરીબોને વહેંચી આવતો. પછીથી આ ઇન્દ્રવદન આજના શાસન પ્રભાવક પૂજયપાદ પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી બન્યા જે ઘણા વર્ષોથી જોરદાર શાસન

પ્રભાવના કરી રહ્યા છે ! હે જૈનો ! તમે પણ તમારા લાડકા સંતાનોને ધર્મના સંસ્કારો આપશો ને ?

## ૪૧. આયંબિલનો ચમત્કાર

લુણાવાડાનો હિમાંશુ વિદ્યાનગરમાં ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગમાં ભણે છે. હમણાંની જ વાત છે. ત્રીજા સેમીસ્ટરમાં ૨-૩ પ્રેક્ટીકલ ચૂકી ગયેલ. તે વિષયની પરીક્ષામાં કોલેજે તેને બેસવાની મના કરી દીધી. તેને બહુ દુઃખ થઇ ગયું. આપત્તિમાં માણસ શું કરે ? તેના ઘરના બધાંને આયંબિલમાં અપાર શ્રધ્ધા હતી. અને ઘરની તકલીફો આયંબિલના પ્રભાવથી દૂર થયેલી તે તેને ખબર હતી. તેને પણ આ આપત્તિ નિવારણ માટે આયંબિલ કરવાની ઇચ્છા થઈ.

હિમાંશુંએ જીંદગીમાં કદી આયંબિલ કર્યું ન હતું. છતાં હિંમતથી તેણે આયંબિલ કર્યું ! પરીક્ષાની આગલી સાંજ સુધી પરીક્ષામાં બેસવાની રજા ન મળી. તેથી લુણાવાડા ઘરે જવા તૈયારી કરવા માંડી. ત્યાં અચાનક કોલેજમાંથી પ્રોફેસરનો ફોન આવ્યો કે તુ કાલે પરીક્ષા આપી શકે છે! સાંભળી આનંદનો પાર ન રહ્યો. ચિંતાથી તેણે પરીક્ષાની પૂરી તૈયારી કરી ન હતી. પરંતુ આયંબિલના પ્રભાવે પ્રવેશ મળ્યો તો પાસ પણ કરશે, તેમ વિચારી આખી રાત તૈયારી કરી. પરીક્ષામાં સારા માર્ક્સથી પાસ થઇ ગયો !!! તેની અને તેના ઘરનાની શ્રધ્ધા ખૂબ વધી ગઈ !

આયંબિલ પ્રભાવે દ્વારિકામાં ૧૨ વર્ષ સુધી દ્વૈપાયન દેવ પણ કશું ન કરી શક્યો !! આ મહામાંગલિક આયંબિલ તપ બંને શાશ્વતી ઓળીમાં તથા મહિને ઓછામાં ઓછું એક તો કરવું જ જોઇએ. સંકલ્પ કરો તો જરૂર થાય. અઢાઈ વગેરે કરનાર કેટલાક તપ પ્રેમીઓ પણ આયંબિલ કરતા નથી એ રસની લંપટતા છે. આયંબિલમાં તો જમવાનું પણ મળે છે. અને સાથે કર્મક્ષય,

જીહ્વા-ઇન્દ્રિયનો વિજય, શારીરિક નિરોગીપણું વગેરે ઘણાં લાભ છે. આ વાંચી હે ધર્મીઓ !!! નિર્ણય કરો કે આ મહિનામાં મારે આયંબિલ કરવું જ છે. પછી વારંવાર કરી તમે ધર્મને આરાધો એ શુભેચ્છા.

## ૪૨. પાર્શ્વનાથે ક્ષણમાં નિરોગી કર્યા !

વડોદરાના ગીરધરભાઈ, ઉંમર ૮૪ વર્ષની. અચાનક પેટમાં ભયંકર દુઃખાવો થયો. ડૉક્ટરને બતાવ્યું. (પહેલાં ઓપરેશન કરાવેલું છતા) ડૉક્ટર કહે, ''ઓપરેશન કરાવવું પડશે. ખર્ચ રૂા. ૫૦૦૦૦ થશે. કાલે બપોરે ૧ વાગે ઓપરેશન કરીશું.'' દર્દ અસહ્ય હતું.

સુપુત્ર રમેશભાઈને આ સાંભળી ખૂબ ચિંતા થઇ કે વૃધ્ધ વયે અશક્તિમાં ઓપરેશન સફળ થશે ? ટેન્શનમાં શંખેશ્વર દાદાના શરણે જવા નક્કી કર્યું. શ્રધ્ધા પણ ખૂબ જ. શંખેશ્વર દાદાના ફોટા સમક્ષ દીવો ને ધૂપ કરી ''બાળકની લાજ રાખજે'' વગેરે પ્રાર્થના ખૂબ ભક્તિભાવપૂર્વક કરી. નવકારવાળી ગણવા માંડી. મનમાં વિનંતી કરેલી કે ઓપરેશન ન કરવું પડે તો રૂા. ૨૧૦૦૦ શ્રી શંખેશ્વર તીર્થમાં વાપરીશ.

બીજે દિવસે ડૉક્ટરો ભેગા થયા. તપાસ્યું. પણ શરીર બધું બરોબર હતું. વારંવાર તપાસ્યું. પણ કોઇ બિમારી જ ન હતી. ચક્તિ થઇ ગયા. રમેશભાઈ વગેરે બધાં પણ જાણી ખૂબ હર્ષિત થઇ ગયા. શંખેશ્વર જાત્રા કરી. કેસર-સુખડ, આંગી, આયંબિલ, ભોજનશાળા સાધારણ વગેરેમાં રૂા. ૨૩૦૦૦ વાપર્યા ! પછી ૨ વર્ષ જીવ્યા.

શ્રધ્ધાથી શંખેશ્વરજી, શત્રુંજયજી આદિનું શરણું સ્વીકારી સાચી ભક્તિ કરનાર ઘણાં, આવા ચમત્કાર અનુભવે છે ! દુઃખ

હોય તેના નાશ કરે, ન હોય તેને બધાં સુખો આપે. આવા અદ્‌ભુત પ્રભાવવંતા દેવ, ગુરૂ, ધર્મને પામી હે જૈનો ! તમે દુઃખમાં ને સુખમાં ભક્તિ આદિ કરી સંપૂર્ણ સુખ પામો એ આશિષ.

## ૪૩. શુભ ભાવને સફળ કરો

એક નાના માણસની સામાન્ય પ્રસંગે મોટાઇ જાણવા જેવી છે. શ્રી જૈનનગર વગેરે પાઠશાળામાં રાજુભાઈ ભણાવે છે. પગારના રૂા. ૮૦૦/- ખીસામાંથી પડી ગયા. પોતાને ખ્યાલ પણ ન હતો. જેણે પડતા જોયા તે પ્રમાણિક માણસે પાછા આપ્યા. મેલાં કપડાં વગેરેથી તેની ગરીબી દેખાતી હતી. છતાં તેની પ્રમાણિકતા વિચારી રાજુભાઈએ અત્યંત આનંદ પામી બક્ષીસ આપી !

મને રાજુભાઇ કહે "સાહેબજી ! પેલા સજ્જને પાછા ન આપ્યા હોત તો મારા તો આઠસો ગયા હોત. ધર્મપ્રભાવે પાછા મળ્યા. તેથી મારે ધર્મમાં વાપરવા છે !!! આ જૈન આદર્શ પ્રસંગો પુસ્તકોની પાઠશાળામાં બાળકોને પ્રભાવના કરીશ !" મેં કહ્યું, " રાજુભાઇ ! તમારી ભાવના સારી છે. પરંતુ તે ગુણવાનની જ કદર કરો. પુસ્તકની પ્રભાવના આ નિમિત્તે કરવાની જરૂર નથી." રાજુભાઇ કહે, "તે ભાઈને ઘણો આગ્રહ કર્યો પણ તેમણે પરાણે માત્ર રૂા. અગિયાર જ લીધા. તેથી જ આ સુંદર પ્રેરક પુસ્તક બાળકો વાંચી ધર્મ વધારે એ ભાવના છે. અને ઉત્તમ ભાવ થયા પછી ધર્મ તરત જ કરી લેવો એવી મારી માન્યતા છે." તેમણે ૫૦ પુસ્તકોની પ્રભાવના કરી !

હે ભાગ્યશાળીઓ ! ગુણીજનની કદર ખાસ કરવી જ જોઇએ. જેથી ગુણીના ગુણની સ્થિરતા, વૃધ્ધિ કરવાનું પુણ્ય મળે અને પરિણામે આપણામાં પણ ગુણો આવવા માંડે ! સાથે

આપત્તિમાંથી બચીએ, તો ધર્મ વધુ કરવો જોઇએ. રાજુભાઇની વાત કેટલી બધી અનુકરણીય છે કે ગુમાવેલ પૈસા ધર્મ પ્રતાપે મળ્યા તો મારે થોડા પૈસા ધર્મમાં વાપરવા !! સૌથી મહત્ત્વની વાત તો એ છે કે શુભ ભાવ જલદી આવતા નથી. તો જ્યારે પણ શુભ ભાવ આવે કે શીઘ્ર તેનો અમલ કરવો જેથી આતમા ઉજળો બને !

## ૪૪. સિધ્ધચક્રની સિધ્ધિ

અમે ઇડર (ગુજરાત) ચાતુર્માસમાં ૧૯૮૫માં સ્વમુખે સાંભળેલ કિસ્સો છે કે વડાલી નિવાસી પોપટલાલ કાલીદાસ જેમને ચાર વર્ષ પૂર્વ ગળામાં કેન્સરનો રોગ થયેલ. અનેક મોટા ડૉ. ને બતાવ્યુ, છેવટે મુંબઇ ટાટા હોસ્પીટલમાં બતાવ્યું. તેઓએ ત્રણ વખત ત્યાં બોલાવ્યા. રીપોર્ટ કાઢ્યા. નિદાન આવ્યું કે તેઓ વધુ જીવી નહી શકે. ખવાતું પણ ન હતું. ત્યારે તેમના ધર્મપત્નીએ કહ્યું, “હવે જવાનું જ છે તો સિધ્ધચક્ર અને નવકાર મંત્રના ધ્યાનમાં બેસો અને આજથી જ નક્કી કરીએ કે સારૂં થઇ જાય તો દર સાલ આસો ચૈત્રમાસની આયંબીલ ઓળી ઇડરમાં પારણા સાથે કરાવવાની અને એક પૂજન ભણાવવાનું. ૧ મહિનામાં સારૂ થયું!!! ફરી ડૉ. ને બતાવ્યું તો તે પણ આશ્ચર્યમાં પડી ગયા. આજે પણ ઉપરની આરાધનાઓ ચાલુ છે. અને ધર્મમાં પણ સારો એવો ખર્ચો કરે છે. તેમણે ચાર લાખ રૂા. નું ગૃહમંદિર બનાવેલ છે. અને મંદિરનો બધો ખર્ચ તે ભાઈ જ આપે છે ! સંઘનો એક પૈસો લેતા નથી. દહેરાસર સંઘને અર્પણ કરેલ છે. ખૂબ જ ભાવિક છે. હાલ ઇડરમાં રહે છે.

**ભાગ-૨ સંપૂર્ણ**